**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડૉ. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| કેળવણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| શ્રદ્ધાંજલિ | નારાયણ હ. જાની | ૧૪ |
| **Satkarmas at Swargarohan** | **Rohit–Canada** | ૨૯ |
| સ્વર્ગારોહણ ખાતે સત્કર્મો | અનુવાદ : નારાયણ હ. જાની | ૩૭ |
| સત્કર્મોનું સપ્તક | રાજુભાઇ જાની | ૪૪ |
| નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૫૧ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૫ |
| નેપાળી બાબા | ભાણદેવજી | ૫૭ |


### ભક્તિસુધા

જુગારી રત જુગારમાં, ધેનુ રત નિજ બાલ;
કદા પ્રકટશે મુજ વિષે, પ્રભુમાં એવું વા'લ? ૫૪
બેડાવાળી સ્ત્રીતણું, મન જયમ બેડામાંય;
ત્યમ પ્રભુમાં મુજ મન કદા, સ્થિર થઇ જાય ન ક્યાંય? ૫૫
નટનું મન જયમ દોરમાં, થઇ રે'છે અતિલીન;
ત્યમ પ્રભુમાં મમ મન કદા, થશે લીન થઇ દીન? ૫૬
વિષયીની જેમ વિષયમાં, છે અતિઘાટી પ્રીત;
ત્યમ પ્રભુમાં ક્યારે થશે, અવિરલ રતિની રીત? ૫૭

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

**કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઇ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઇ રહી છે.**

**અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.**

**એ કેન્દ્રના સર્વ ભાઇબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.**

**આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.**

**ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઇબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઇ શાહ અને વિમળાબેન શાહને.**

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.**

**– તંત્રીશ્રી**



# કેળવણી

**યોગેશ્વરજી**

થોડાક વખત પહેલાં અમે અમદાવાદથી લક્ઝરી બસમાં બેસીને રાજકોટ જઇ રહેલા. અમદાવાદના બસસ્ટેન્ડ પર બસ આવી એટલે મુસાફરો પોત પોતાની સીટ પર બેસવા માટે આગળ વધ્યા. એ દરમિયાન એક કોટ—પાટલુનવાળા ગૃહસ્થ બસમાં સૌથી પહેલાં ચઢી ગયા અને એમનો સામાન મૂકવા માંડ્યા. બીજા મુસાફરો બસમાં બેસવા માટે આગળ વધ્યા પરંતુ પેલા ગૃહસ્થે બસના પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને એમના રસ્તાને રોકી રાખ્યો. થોડી વાર પછી એમણે નીચે કુદકો માર્યો. એક વયોવૃદ્ધ પુરુષના પગ પર એમનો પગ પડતાં સહેજમાં જ બચી ગયો. એ બૂમ પાડી ઊઠ્યા. બીજા મુસાફરો પણ કહેવા માંડ્યા કે તમે લક્ઝરી બસમાં પેસેન્જર છો અને આવું બિનજવાબદાર વર્તન કરો છો? એ ગૃહસ્થે ગર્જના કરી કે તમે તમારા મનમાં શું સમજો છો? હું તો એમ.એ.એલ.બી. છું. કોઇએ કહ્યું, તમારું વર્તન તો અભણ માણસથી પણ ખરાબ છે. તમારા કરતાં તો અભણનો વ્યવહાર સારો હોય છે.

પેલા મહાશય બસની અંદર આવીને ધૂમ્રપાન કરવા લાગ્યા. અમે અંદર જઇને જોયું તો એમણે અમારી સીટને રોકી રાખેલી. અમને એ આગળ જ નહોતા વધવા દેતા. મેં બસના કંડક્ટરને વાત કરી. કંડક્ટરે એમની પાસે ટિકિટ માગી તો સૌને આશ્ચર્ય થયું. એમની પાસે ટિકિટ જ ન હતી. એમણે બસનું રીજર્વેશન જ ન હતું કરાવ્યું. એમને નીચે ઊતરવા માટે કહેવામાં આવ્યું

પરંતુ એ એમ સહેલાઈથી સમજે એવા ન હતા. એમને જેમ તેમ કરીને નીચે ઊતારવા પડ્યા. નીચે ઊતરતી વખતે એમણે જણાવ્યું કે હું જોઈ લઈશ. હું એમ. એ. એલ. એલ. બી. છું.

એક બીજા સાધારણ શિક્ષાપ્રાપ્ત પુરુષ એજ બસમાં મુસાફરી કરવા આવેલા તે સેવાભાવી અને સંસ્કારી લાગ્યા. તે બીજાને એમની સીટ પર બેસવામાં મદદ કરતા અને એમના સામાનને પણ યોગ્ય રીતે મૂકાવતા. એ બંને દશ્યો પરસ્પર વિરોધી વિચાર પ્રેરક હતાં. કેળવણી એનો આશ્રય લેનારને કેળવે નહિ, વિનયી, શિસ્તપ્રેમી, અનુશાસનાત્મક, શુદ્ધ, સત્યનિષ્ઠ ના બનાવે, આદર્શ માનવને અનુરૂપ સદ્‌વ્યવહાર કરતાં ન શીખવે, તો એની કિંમત કેટલી? કેળવણી કેવળ ચિંતનમનન કે જ્ઞાન વિનાની સામગ્રી નથી. મસ્તિષ્કની શોભા નથી. વિવિધ વિષયોની નિતનવી માહિતી નથી. ડીગ્રી નથી. તે તો તન, મન, વચન, વર્તનની વિશુદ્ધિ છે. એજ એક એવી વસ્તુ છે જે માનવને પશુ કરતાં જુદો પાડે છે, વિચારશીલ ને વિવેકી બનાવે છે, સમાજ જીવનમાં સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેતાં ને બીજાને સ્વસ્થતાપૂર્વક શ્વાસ લેતાં શીખવે છે, માનવને માનવતાથી મંડિત કરે છે. કેળવણી જીવનનું આમૂલ પરિવર્તન, ઉદાત્તીકરણ અને સ્વભાવનું સંશોધન અને ઊર્ધ્વીકરણ છે. માટે તો પહેલા પ્રાચીન સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે જેનામાં વિદ્યા નથી, તપ, જ્ઞાન, દાન, શીલ, સદ્‌ગુણ કે ધર્મપરાયણતા નથી. તે મૃત્યુલોકમાં ભૂમિને ભારરૂપ છે અને મનુષ્ય રૂપે પશુની પેઠે શ્વાસ લે છે.

**येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः।**
**ते मृत्युलोके भुवि भारभूता, मनुष्यरूपेण मृगाश्चरंति ॥**



વિદ્યા અથવા કેળવણી તપ છે, દાન છે, જ્ઞાન છે, શીલ છે, સદ્‌ગુણ છે, ધર્મ છે—એવો પણ એનો ભાવાર્થ કરી શકાય. વિદ્યા માનવને બીજું બધું બનાવે—વકીલ, ડોક્ટર, ઈજનેર, અધ્યાપક, વેપારી, બધું જ—પરંતુ માનવ ના બનાવે તો શું કામનું? વિદ્યા પોતાને ને પોતાના કર્તવ્યને જણાવનારી હોવી જોઈએ. ત્યારે જ એને આદર્શ કહી શકાય.

ધ્યાન એ મહત્ત્વની બાબત છે. ધ્યાનનો અભ્યાસ કરો! એ સર્વોત્તમ વસ્તુ છે. ધ્યાનમાં મગ્ન થયેલું ચિત્ત એટલે આધ્યાત્મિક જીવનનો નિકટતમ ઉપાય. આપણા જીવનની એ એક જ ક્ષણ એવી છે કે જ્યારે આપણે ભૌતિકતાથી તદ્દન અલગ થઈ જઈએ છીએ અને તમામ ઉપાધિઓથી મુક્ત બનેલો આપણો આત્મા કેવળ સ્વરૂપમાં જ રમમાણ રહે છે. એવો અદ્‌ભુત છે આ આત્માનો સંસ્પર્શ.

—સ્વામી વિવેકાનંદ

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૧ માર્ચ—૨૦૦૯ અંક ૬

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

### તા. ૨૬—૧—૮૨ વડોદરા

મુંબઇથી વડોદરા શ્રી જીતુભાઇ ગાંધીની ગાડીમાં આવી ગયાં. સવારે ૭ વાગ્યે નીકળ્યાં. સાંજે ૬ વાગે વડોદરા પહોંચ્યા. માર્ગમાં દોઢ કલાક વિશ્રામ કર્યો, હળવો નાસ્તો દૂધ વગેરે લીધું.

પૂ. શ્રીએ પોતાની ૧૦૦ માળાનો નિયમ પૂરો કર્યો. માર્ગમાં વિદેશ યાત્રાની બધી જ વાતો થઇ.

સાંજે વડોદરાનાં પ્રેમી ભાઇબેનો મોટી સંખ્યામાં હાજર હતાં. ફૂલોના હાર ને જય જયકારથી સ્વાગત થયું. શ્રી જીતુભાઇ ગાંધીની છોકરી કલ્પુએ પુષ્પોની પાંદડી વરસાવી સ્વાગત કર્યું.

સૌ પ્રણામ કરી પૂ. શ્રીની સમક્ષ બેઠાં. પૂ. શ્રીએ વિદેશની થોડી વાતો કરી. વળી હંમેશ મુજબ સર્વેશ્વરીને એકાદ બે પ્રશ્નો પૂછ્યા, સર્વેશ્વરીએ એના ઉત્તરમાં વિદેશની ટૂંકમાં વાતો કરી.



પૂ. શ્રીએ એક ભજન સંભળાવવાની સૂચના કરી, જેથી સર્વેશ્વરીએ ''સંત સ્વરૂપે રે'' ભજન ગવડાવ્યું. સૌએ ખૂબ પ્રેમપૂર્વક ઝીલ્યું. શ્રી રાજુભાઇ પુરોહિતે પ્રસંગના બે બોલ કહ્યા.

એક કલાક પછી પૂ. શ્રીએ વિદાય લીધી. ઉપરના ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ ખીચડી શાકનું ભોજન લીધું.

આરામ કર્યો.

### બુધવાર સં. ૨૦૩૮ તા. ૨૭—૧—૧૯૮૨
### સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વોડદરા

સવારે પૂ. શ્રીએ નિયમિત ક્રમ મુજબ લેખન કાર્ય કર્યું. સાડા અગિયાર વાગ્યે ભોજન લેવાનું બન્યું.

આજની મુલાકાતની બેઠકમાં વિદેશની જ વાતો થઇ. કેનેડાનાં પ્રેમી ભાઇબેનોની વાતો થઇ. જેની નોંધ ન થઇ.

બપોરે પૂ. શ્રીએ આરામ કર્યો.

સાંજના સત્સંગમાં સમય થતાં સૌ ભાઇ બહેનો આવે છે. આખોય હોલ ભરાઇ ગયો છે. પૂ. શ્રી સામે પલંગ ઉપર બેસે છે.

સૌ પ્રણામ કરી બેઠક લે છે. પૂ. શ્રીએ પોતાનું નવું એક કાવ્ય ગવડાવ્યું જેના શબ્દો નીચે મુબજના હતા. 'જીન્દગી મળી તને જીન્દગી મળી, હીરા માણેક ને મોતીથી મોંઘી જીન્દગી મળી' સૌએ ભજન પ્રેમપૂર્વક ઝીલ્યું.

પૂ. શ્રીએ એ ગીત ગવડાવતાં સમજાવ્યું કે ઘણા જીવનને બોજ કે વેઠ સમજે છે. જીન્દગી તો પ્રીતની પરબ જેવી છે. જન્મ્યા ત્યારે માની પરબ, પછી પિતાના પ્રેમની પરબ, મિત્રોની, સ્વજનોની પરબ, કેટલાંયે સત્કર્મોના મંથન પછી જીન્દગી મળી.

ત્યારબાદ વિદેશ યાત્રાના પ્રથમ દિવસની નોંધ સર્વેશ્વરીએ પૂ. શ્રીની સૂચનાથી વાંચી સંભળાવી.

ત્યારબાદ પ્રશ્નો પૂછવાની શરૂઆત થઈ.

પ્રશ્ન : સંતોનું મૃત્યુ સમાધિ દશામાં જ થાય?

પૂ. શ્રી : એવું કશું નથી. સંતોનું શરીર જાગૃતિમાં પણ શાંત થાય. નિંદ્રામાં પણ શાંત થાય. એથી કાંઇ સંતના સંતપણામાં વાંધો ન આવે. જાગૃતિમાં, નિંદ્રામાં પણ સાચા સંતનું મન સમાધિસ્થ પ્રભુમય જ હોય છે. સમાધિમાં શરીર શાંત થાય તો જ ઉત્તમ ગતિ થાય, એવું નથી. સારી અવસ્થા તો મનને પ્રભુમય બનાવવાની છે.

પ્રશ્ન : સમાધિ અવસ્થા ને મૃત્યુમાં શો ફેર?

પૂ. શ્રી : મૃત્યુ થાય ત્યારે માણસની હાથની નાડી બંધ થાય શ્વાસની ગતિ બંધ થાય ને હૃદય પણ બંધ થાય. સમાધિ અવસ્થામાં હાથની નાડી બંધ થાય, શ્વાસની ગતિ પણ બંધ થાય ને કોઇક વાર હૃદય પણ બંધ થાય, પણ તે સમાધિ અવસ્થામાં શરીર ઢળી જતું નથી. શરીર જેવું હોય તેવું જ રહે છે. શરીરમાં વિકૃતિ આવતી નથી. દુર્ગંધ આવતી નથી.

જેનું મન ૨૪ કલાક પ્રભુમય છે તેને સમાધિની જરૂર નથી. જેનું મન શાંત છે તેનું શરીર જાગૃતિમાં, ઉંઘમાં કે સમાધિમાં શાંત થાય એ મહત્ત્વનું નથી. ભગવાન બુદ્ધે સુતાં સુતાં શરીર છોડેલું.

પ્રશ્ન : સંતોના મૃત શરીરને અગ્નિસંસ્કાર કેમ નથી આપતા?

પ્રશ્ન : આપ પરદેશ ગયા કે ત્યાંના ત્યાં રહ્યા તે આપ કૃપા કરી કહો.

પ્રશ્ન : આપના સાંનિધ્યનો વધુ લાભ લેવા અમારે શું કરવું જોઇએ?

પૂ. શ્રી : દરરોજ નિયમ લો, બે કલાક જપ ધ્યાન કરવા જ.



વહેલા ઊઠવું જ, પ્રાર્થના કરવી જ, સારાં પુસ્તકો વાંચવા જ. આપણામાં રહેલા દોષોને દૂર કરવા, નિયમબદ્ધ જીવન જીવવાથી સંનિધિનો સારો લાભ મળે. મનને, હૃદયને ખુલ્લુ રાખી બેસો. અહીં બેઠા તો પ્રભુ સ્મરણ વધારે કરો.

પ્રશ્નોત્તરી બાદ એક ભજન ગવડાવ્યું. ભજન બાદ સૌએ પ્રણામ કરી વિદાય લીધી.

પૂ. શ્રી એ કણકી દૂધ વગેરેનું ભોજન લીધું. પછી આરામ કર્યો.

**ગુરુવાર સં. ૨૦૩૮ તા. ૨૮–૧–૮૨**

**સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપૂરી, વડોદરા.**

સવારે પૂ. શ્રી નિયમિત રીતે સ્નાન વ્યાયામ બાદ લેખનકાર્ય માટે બેસી જાય છે. વચ્ચે દૂધ પી લેવાનું બને છે.

આજે સાડા અગિયાર વાગ્યે ભોજન લીધું. બાદ સત્સંગ શરૂ થયો.

જેમાં સર્વોદય કાર્યકર્તાએ ગૌ સેવા અંગે પ્રશ્નો પૂછી પૂ. શ્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું. પછી પૂ. શ્રીની શિસ્તપાલનની ભાવના વિષે થોડી વાત થઇ, પછી મહત્ત્વના પત્રોનું લેખન થયું. પૂ. શ્રીએ બપોરે ફરી બે કલાક લેખનકાર્ય કર્યું, થોડો આરામ બાદ સાંજે સત્સંગની છ વાગ્યાની બેઠક શરૂ થઈ.

સૌ પ્રણામ કરીને બેઠા. પૂ. શ્રીએ ૧૨ ને ૧૫ અધ્યાય ‘સરળ ગીતા’નો ગાવાની સૂચના આપી. પછી સૌ ભાઇબેનોએ સમૂહમાં પાઠ કર્યો. પછી સર્વેશ્વરીએ એક ડાયરીનું પાનું વાંચી સંભળાવ્યું. પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પ્રશ્ન : નાદાનુસંધાનની સાધનાથી જુદી જુદી સિદ્ધિઓ મળે ખરી?

પૂ. શ્રી : નાદથી જુદી જુદી સિદ્ધિ ના મળે. નાદથી મન

સ્થિર થાય પછી વિશેષ સાધના કરવી ના પડે. નાદમાં મન સ્થિર થવાથી દેહાતીત દશાનો અનુભવ પણ થાય. જુદા જુદા ચક્રો ઉપર મન સ્થિર કરવાથી જુદી જુદી શક્તિઓ મળે છે.

કેટલાકને જન્મથી સિદ્ધિ મળે. કોઇકને મંત્રથી, તપથી, ઔષધિથી, સમાધિથી સિદ્ધિઓ મળે છે.

પ્રશ્ન : નાદનું ઉદ્‌ભવ સ્થાન ક્યાં છે?

પૂ. શ્રી : નાભિ પ્રદેશ છે. એમ શાસ્ત્રો કહે છે.

પ્રશ્ન : નાદ એ શબ્દનું રૂપ છે?

પૂ. શ્રી : નાદ એ શબ્દનું સૂક્ષ્મરૂપ છે.

પ્રશ્ન : માનવ જન્મથી મહાન બને કે સંજોગો તેને મહાન કરે?

પ્રશ્ન : સદાચાર વિના સમાધિ મળે?

પૂ. શ્રી : હા, પણ તેનું પરિણામ કલ્યાણકારક ન આવે.

આત્મશાંતિ પરમાત્માના દર્શનથી જ થાય. અને તે શાંતિ સદાચારથી જ આવે છે. ઔષધિથી, મંત્રથી સમાધિ મળે પણ તે સમાધિમાંથી જાગ્યા પછી આત્માની શાંતિ ન મળે. **આચાર એક એવું પાસુ છે, જેની સાથે આપણે વધારે સંબંધ છે.**

બીજા પણ થોડા પ્રશ્નો પૂછાયા. આજે કેનેડાથી શ્રી ચીમનભાઇ આવ્યા છે. તેમનો પૂ. શ્રીએ પરિચય આપ્યો. વળી તે ભાઇએ પણ પ્રાસંગિક બે બોલ કહ્યા. વળી સર્વેશ્વરીએ બોલ્ટનમાં થયેલો એક બેનનો અનુભવ કહી સંભળાવ્યો.

છેવટે એક ભજન ગવડાવ્યું. પૂ. શ્રીએ શાંતિપાઠ કર્યો. સૌએ પ્રણામ કરી વિદાય લીધી. સર્વેશ્વરીએ કેનેડા શ્રી વિમળાબેન માટે જમના જળ મોકલ્યું. ચીમનભાઇને થોડાં પુસ્તકો પણ પૂ. શ્રીએ ભેટ આપ્યાં. તેમણે પણ પૂ. શ્રી સાથે થોડી વાતો કરી વિદાય લીધી. ફરી કેનેડા ક્યારે આવશો એવી



શુભેચ્છા દર્શાવી તેઓ સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ આજે ગુરુવાર હોવાથી ફક્ત દૂધ લીધું.

આજે પૂ. શ્રીએ એક સુયોગ્ય વિદ્યાર્થીને ઘડિયાળની જરૂરી ભેટ પ્રસાદીરૂપે આપી.

અમેરિકામાં શ્રી ધીરુભાઇ દેસાઇએ પૂ. શ્રીને એક ઘડિયાળ આપવાની ખાસ ઇચ્છા દર્શાવી. પૂ. શ્રી માટે તેમણે ઘડિયાળની તપાસ કરી તો પૂ. શ્રીને મનપસંદ તે ઘડિયાળ ન મળી જેથી ઘડિયાળના પૈસા પૂ. શ્રીને આગ્રહ કરીને આપ્યા હતા. પૂ. શ્રીએ ન્યૂયોર્કમાં તે ઘડિયાળ ખરીદી. પરિણામે પૂ. શ્રી જે રોમા નામનું ઘડિયાળ વાપરતા તે આજે એક વિદ્યાર્થીને પૂ. શ્રીએ ભેટ આપી દીધું. એ રીતે શ્રી ધીરુભાઇએ અમેરિકામાં રહીને એક વિદ્યાર્થીની આડકતરી રીતે સેવા જ કરી છે.

પૂ. શ્રીએ થોડી જરૂરી કામગીરી કરી આરામ કર્યો.

(ક્રમશઃ)


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

## પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શિવમહિમ્ન સ્તોત્રમ્ | ૭–૦૦ |
| ૨. | વંદે શિવ શિવમ્ (કેસેટ) | ૩૦–૦૦ |
| ૩. | હિમગિરિના યોગી | ૪૫–૦૦ |
| ૪. | પ્રસાદ (કાવ્યો–ગીતો) | ૫–૦૦ |
| ૫. | અભીપ્સા (કાવ્યો–ગીતો) | ૫–૦૦ |
| ૬. | વિષ્ણુસહસ્રનામ્ (મૂળ કાવ્યાનુવાદ) | ૧૦–૦૦ |
| ૭. | Essence of Geeta | ૮–૦૦ |
| ૮. | પાગલના પગલે (લેખક : કલ્યાણ) | ૧૦૦-૦૦ |
| ૯. | પ્રાર્થના સાધના છે. | ૪૭–૦૦ |
| ૧૦. | મહાત્મા યોગેશ્વરજી (સંક્ષિપ્ત જીવન) | ૫–૦૦ |
| ૧૧. | મહાભારતનાં મોતી | ૧૬૮–૦૦ |
| ૧૨. | કર્મયોગી | ૮૪–૦૦ |
| ૧૩. | ગીતા સંદેશ | ૫૭–૦૦ |
| ૧૪. | શ્રી પતંજલ યોગદર્શન (પાંચ પ્રવચનો) | ૧૭–૦૦ |
| ૧૫. | ભારતનાં આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં | ૧૦૫–૦૦ |
| ૧૬. | યોગદર્શન (પાતંજલ) | ૧૦૦–૦૦ |
| ૧૭. | પ્રભુપ્રાપ્તિનાં પંથે | ૩૪–૦૦ |
| ૧૮. | ઉપનિષદ્નું અમૃત | ૧૮૦–૦૦ |
| ૧૯. | ઉપનિષદ્નો અમર વારસો | ૫૭–૦૦ |
| ૨૦. | સાધના(પ્રભુપથના પ્રવાસીને માર્ગદર્શક) | ૪૫–૦૦ |
| ૨૧. | યોગ મીમાંસા (પ્રભુપથના પ્રવાસીને માર્ગદર્શક) | ૬૭–૦૦ |
| ૨૨. | ઈશ્વર દર્શન (પ્રશ્નોત્તરી) | ૪૦–૦૦ |
| ૨૩. | સંત સમાગમ | ૪૦–૦૦ |
| ૨૪. | ધર્મનો મર્મ | ૪૦–૦૦ |
| ૨૫. | ધર્મનો સાક્ષાત્કાર | ૪૦–૦૦ |
| ૨૬. | સત્સંગ | ૪૦–૦૦ |
| ૨૭. | તુલશીદલ (રોજીંદી પ્રાર્થનાઓ) | ૮–૦૦ |



### પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીને એમના હસ્તાક્ષરો દ્વારા

## શ્રદ્ધાંજલિ

નારાયણ હ. જાની

કાળ કોઈની રાહ જોતો નથી કે કદી કોઈના માટે થોભતો નથી. એ ઉક્તિ સંસારના માણસો માટે અક્ષરઃસહ સાચી છે. તો જે સાચા સંતપુરુષો છે તેઓ આ કાળ ઉપર શાસન કરી, સમયનો એવો સદુપયોગ કરી લે છે કે તેઓનું જીવન ઇતિહાસની તવારીખ તો બને છે જ, સાથે સાથે તે અનેકોને પ્રેરણાનું પીયુષ ધરવા સદા સક્ષમ રહે છે.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી એક એવા જ વિરલ સંતપુરુષ વીસમી સદીમાં થયા. માત્ર ૬૩ વર્ષના આયુમાં એવું તો સરસ આધ્યાત્મિક જીવન જીવી ગયા કે આશ્ચર્ય પમાય. એમનું અવતરણ જાણે એ માટે થયું કે આધ્યાત્મિક સત્યોનો સાધના દ્વારા અનુભવ કરવો અને એ અનુભવના આધાર પર સનાતન ધર્મના વેદકાલીન સત્યોને લોકભાગ્ય ભાષામાં નિરૂપણ કરવાં, જીવનના છેલ્લા શ્વાસ સુધી પ્રવચનો અને લેખનની આ પ્રવૃત્તિ—ભગવાન સૂર્યનારાયણ જેવી નિયમિતતાથી તેઓએ કરી. ગુજરાતની પ્રજાને એક સરસ ને સરળ

ભાષામાં આધ્યાત્મિક સાહિત્યનો વિપુલ વારસો આપી ગયા. એક વિશ્વ વિદ્યાલયની કોઇ શાખા ના કરી શકે તેવું અદ્‌ભુત કામ તેઓશ્રી કરી ગયા.

તા. ૧૮ માર્ચે તેઓશ્રીની ભૌતિક વિદાયને ૨૫ વર્ષ પૂરા થાય છે. તે પ્રસંગે તે મહાપુરુષને તેમના જ હસ્તાક્ષરોમાં માત્ર ૨૩ વર્ષની નાની વયે પણ તેઓમાં કેવી સ્પષ્ટ સાધનાત્મક સમજ પોતાની ધ્યેય પ્રાપ્તિ અંગે હતી—તે દર્શાવતો પત્ર પૂ. મા શ્રી સર્વેશ્વરીની ભાવના અનુસાર અત્રે રજુ કર્યો છે, જે તેઓને એક શ્રદ્ધાંજલિ રૂપ છે. તે પાછળ એક જ હેતુ રહ્યો છે કે આજના યુવાન સાધનાપથના યાત્રીઓને તેનું વાંચન પ્રેરણાસ્પદ બની રહેશે. અમે એ અનુભવ્યું છે કે ઘણા પ્રભુપંથના પ્રવાસીઓમાં પણ ત્યાગ કરીને તેઓએ જીવનમાં ખરેખર શું મેળવવું છે તેની કોઇ સ્પષ્ટ સમજ જોવામાં આવતી નથી, જે ખરે જ દુઃખદ છે. તેથી જીવન વિષે વિચાર કરનાર—ગૃહસ્થી કે ત્યાગી, સૌને માર્ગ ચીંધનાર તે બની રહેશે એવી આશા છે.

**—તંત્રી**

ॐ

ભગવાન આશ્રમ,
ઋષીકેશ,
૨૮ જુલાઈ, ૪૪.

પ્રિય ભાઈ,

ગઈકાલે પત્ર મળ્યો. સાથે સરસ્વતી, હરિશ્ચંદ્ર તથા વિઠ્ઠલભાઈના પત્ર હતા તે પણ વાંચ્યા. આનંદ થયો. દરેકને અલગ લખવું જરૂરી લાગતું નથી. વિઠ્ઠલભાઈનો પત્ર પણ આ પત્રમાંજ સમાઈ જશે. 'વિઠ્ઠલ'ને 'નારાયણ' આખરે તો એકજ છે.

વિઠ્ઠલભાઈ એક ખૂબ સારા સંસ્કારી આત્મા છે એમ તેમની સાથેના મુંબઈના પરિચયેજ કહી આપ્યું હતું. આજે તેમના વિચારો વાંચી એને સમર્થન મળ્યું.

નાસિકાપર, દૃષ્ટિ એકાગ્ર કરી શકાય તો તેમ ભ્રમધ્યમાં જમાવી ધ્યાન કરવાની રીત પતંજલિની છે. સુંદર સાધકને ઉપયુક્ત એવું કરુણા હૃદય, દર્શનમાટેની સાચી ઇચ્છા, નમ્રતા, શરણાગતિપણું, વગેરે યોગ્ય બધુંએ તારામાં પહેલેથીજ જોઈ શકાય છે તેનો યથોચિત વિકાસ થતો ચાલે છે. એટલે આંખ બંધ કરીને જપસાથે ધ્યાન કરવાનું તને વધારે અનુકૂળ પડશે. યોગ્ય સમય આવતાં તેમ આવશ્યક એવી અનુકૂળતાઓ આવી મળશે. દૃઢ ઈશ્વરપર શ્રદ્ધા રાખી, તેની મૂક પ્રાર્થના તથા આરાધના ચાલુ રાખી, તેમ મન, વચન, કાયા, સર્વસ્વ અર્પણ કરવાનો વધારે ને વધારે ઊંડો પ્રયત્ન કરવાની જરૂર છે. આ વસ્તુ જીવનની વિશુદ્ધિ થવા માંડતાં



પ્રેમની વૃદ્ધિ સાથે તરત આવી પહોંચે છે. ધ્યાન કરવાના સતત અભ્યાસથી સારી શાંતિ મળશે.

સમાધિ આપનાર માતાજીએ જણાવ્યું. કદાચ તે પૈસા લીધાવિનાજ સમાધિ અપાવતી હોય તોય તેની પાસે દોડવાથી શું વળે? ચિત્ત જ્યારે વાસના-રહિત થઈ એક પ્રવાહની જેમ, અંતર્મુખ થઈ વહેવા માંડે છે, ત્યારે શરીરનો ભાવ છૂટી જતાં આપોઆપ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે. આમાં ચિત્તની શુદ્ધિ મુખ્ય છે. બીજાની કૃપાથી જેને સમાધિ મળે તેને આ ચિત્તની શુદ્ધિ મળશે એવું નક્કી નથી. વળી તેનું અંતરંગ રૂપાંતર પણ નિશ્ચિત નથી. મુખ્ય વસ્તુ શરીર, મન ને હૃદયનું રૂપાંતર — ઉચ્ચ સ્થિતિમાં આવવું

તે— છે. આ થવાથી પણ શાંતિ તથા આનંદ મળે છે.
સમાધિથી તે સ્થાયી ને દૃઢ બને છે, પૂર્ણ થાય છે.
ઉપરાંત એકલી સમાધિથી કાંઈ વળતું નથી. જે
સમાધિમાંથી ઉત્થાન થાય નહિ, મતલબ કે જે સમાધિ
પ્રાપ્ત થવાથી સચરાચરમાં એક ચૈતન્યની—ભગવાનની—
સદાય અનુભૂત થાય, તેનું જ સ્ફુરણ સહજે થાય,
એ સમાધિ જ ઉત્તમ છે. આથી જ જીવન કૃતાર્થ
થઈ શકે છે. આ પ્રાપ્ત થાય તે માટે વાસનાનું નિર્મૂળ
થવું પ્રધાન વસ્તુ છે. આથી ઉલટી જડ સમાધિ
વાસના નિર્મૂળ ન થાય છતાં કોઈ ક્રિયાશક્તિથી
મળી શકે છે. આ સાચો આનંદ આપી શકતી નથી.



એટલે સમાધિને આપણી અંદરથી જ આવવા દો,
ને તે જરૂર આવશે એ ભગવાનની આપણી શ્રદ્ધાને
દૃઢ કરવા દો.

૨

વિઠ્ઠલભાઈનો પત્ર સુંદર છે. ખરેખર આ
સમયમાં માણસો માયાવશ વધારે છે. ધર્મને નામે, સેવાને
નામે, કર્તવ્યને નામે, આજે ઘણા વધારે લોકો
આત્માથી વિમુખ કરી શકાય તેવા છે. જીવન આખું
જાય છે. કાળને આપણી તરફ જોવાનો સમય નથી.
તે તો તેનું સઘળું ભક્ષણ કરવાનું કાર્ય કર્યે જ જાય છે.
એક દિવસ આજે દેખાતા સુંદર જગતમાંથી આપણે

અદૃશ્ય થઈશું: આપણા જીવનમાં પણ સુખ કે શાંતિ ભાગ્યેજ સાંપડે છે. ખરું જોતાં આપણે જેને સુખી સમજીએ છીએ તેઓ વધારે દુઃખી હોય છે. ધનવાનો, સત્તાવાનો, બધા કંઈને કંઈ ચિંતાઓથી દબાયેલા જ હોય છે. આનું કારણ એ છે કે તેમનો પ્રયત્ન સુખનો અવશ્ય છે પરંતુ તેનો માર્ગ ખોટો છે. મહાન સંત-પુરુષો કે જેમણે પોતાના સમસ્ત જીવનને આત્માને ઓળખવા કુરબાન કર્યું છે, તે કહે છે કે સુખનો સાગર તો સ્વયમ્ આત્મા જ છે. અનુભવ પણ આનું સમર્થન કરે છે. આ આત્માની પ્રાપ્તિ એજ સુખનો ઉપાય છે. માણસ બીજું બધું જાણે પણ પોતાનેજ ન જાણે એ તેને માટે કેટલી હાસ્યાસ્પદ વાત છે! એક



વખત એવો પણ હતો જ્યારે હિંદમાં આધ્યાત્મિકતાનું પ્રાધાન્ય હતું. આજની સ્થિતિ જુદી જ છે. તોપણ દુનિયાના બીજા દેશો કરતાં હિંદ પોતાના સંસ્કારો કૈંક જાળવી રહ્યું છે. આ બધાના પરિણામરૂપ જ દુનિયાને થપ્પડ મારતું હોય તેમ આ ભીષણ યુદ્ધ સામટું ઊભું છે. માણસના હૃદયની કામનાનું યુદ્ધ એ બાહ્યરૂપ છે. માણસના હૃદયમાં તો એવું યુદ્ધ દરરોજ ચાલતું હોય છે. આ હૃદયના આસુરી યુદ્ધને મીટાવાય નહિ ત્યાંસુધી આત્માની ઓળખ થાય નહીં. એટલે હૃદયના પર વિજય — આત્માની ઓળખ — એજ જીવનના સુખનો એકમાત્ર ઉપાય છે.

જેટલા પ્રમાણમાં માણસ આ સુખશાંતિ આત્માથી આઘો જાય છે તેટલા પ્રમાણમાં તે દુઃખી થતો જણાય છે.

૩

ભગવાનપર પ્રેમ થયાવિના શાંતિ મળવી મુશ્કેલ છે. આજે એવા કેટલાય શિક્ષિત છે જે ભગવાનમાટે શંકા કરે છે. પણ તેથી જે છે તેનું અસ્તિત્વ મટી જતું નથી. વિજ્ઞાને હમણાંજ સિદ્ધ કર્યું છે કે કોઈ બે તત્ત્વો મળવાથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. આપણા ઋષિઓ આથી આગળ વધ્યા હતા. તેમના કહેવાપ્રમાણે સૃષ્ટિનાં મૂળતત્ત્વ બે નહિ પણ એક છે. વિજ્ઞાન તો હજુ બાલક છે થોડાં વરસોમાં તે પણ આ સત્ય સિદ્ધ કરે તો નવાઈ નહિ. આ તત્ત્વ બીજું કાંઈ નહિ પણ 'બ્રહ્મ'





છે. તેજ ભગવાન કહેવાય છે. તે ચેતનાત્મક છે ને સર્વકાંઈ કરવાની શક્તિ ધરાવે છે જગતમાં ઠેરઠેર આ ભગવાનની સત્તા વ્યાપી રહેલી છે કેમકે જગત તેનું પ્રતિરૂપ માત્ર છે જેમ ભગવાન સુંદર ને મંગલ છે તેમ જગત પણ છે. પણ આ ભગવાનની ઝાંખીને તથા જગતમાં વ્યાપેલી સુંદરતા ને મંગલતાને બધા ઓળખી શકતા નથી. શુદ્ધહૃદયી મનુષ્યને તો સર્વત્ર આ ભગવતસત્તા પ્રતીત થયાવિના રહેતી નથી જ. આવું દર્શન નથી થતું માટે જીવન ઝેરસમું થઈ જાય છે. જેટલા પ્રમાણમાં માણસ આ સૌન્દર્યને એકતાની ઝાંખી કરી શકે છે તેટલાજ પ્રમાણમાં તેને

શાંતિ મળે છે. જીવનની રાગબદ્ધતા પણ તેથીજ પ્રાપ્ત થાય છે. એક સામાન્ય અનુભવનીજ વાત છે કે બે મિત્રો એકમેકને જોઈ આકર્ષાય છે. આનું કારણ શું? કારણ એ કે એક મિત્રમાં મૈત્રીભાવરૂપે જે ઈશ્વર છે તે બીજામાં રહેલા ઈશ્વરને આકર્ષે છે. આ પરથી સિદ્ધ થયું કે જે ભાગવતમાના જગતમાં પ્રતીત થાય છે તેનું મૂળ, તેનો વિસ્તાર પણ, માણસની કાયામાંજ છે. આજ આત્મા કહેવાય છે. બહારની વસ્તુની પ્રાપ્તિથી જે આનંદ મનુષ્યને પ્રાપ્ત થાય છે તેનાથી હજારોગણી વધારે શાંતિ ને આનંદ આ અંદરના આત્માને પ્રાપ્ત કરવાથી થાય છે. ખરી રીતે કહીએ તો બહારની સૃષ્ટિ ને તેનો ચમકાર આ અંદરના



આત્માનો આભાસ માત્ર છે. આ આત્મદેવને ઓળખવો એજ પુરુષાર્થ કહેવામાં આવે છે, ને તેનીજ પાછળ આપણા પૌરાણિક ઋષિમુનિ પડ્યા હતા. તેમનાં ચિંતનમનન આપણને ઉપનિષદોમાંથી મળી આવે છે.

૪

પણ માર્ગ ઘણો મોટો છે. આને માટે શરૂઆતમાં ઇંદ્રિયોને મનને વશ કરવાના પ્રયત્નની ભારે જરૂર છે. જેની વાણી કાબૂમાં નથી, જેને અનેક સ્વાદની લગની લાગેલી છે, જે વિષયના સુખમાંજ સર્વસ્વ માની રહે છે; જે અશાંતિ, ભય ને અજ્ઞાનમાં રમ્યા કરે છે, તેમને આ માર્ગમાં

આવવાનો અધિકાર પણ મળી શકતો નથી. માટે સૌથી પ્રથમ વસ્તુ ઇન્દ્રિય ને મનની કેળવણી છે; અભય, સત્ય, સ્વાદજય, નિર્વ્યસનપણું, વિવેક, આ વસ્તુઓનો અભ્યાસ છે.

અને જેની ભગવાનપર અનન્ય શ્રદ્ધા કે નિષ્ઠા છે, તેણે તેને પ્રાર્થના ચાલુ રાખવી. સાથેસાથે તેનું નામસ્મરણ વગેરે રાખુ રાખવું; ભગવાન પોતેજ તે સંસ્કારો તેમની ત્રુટિઓને દૂર કરશે અથવા તો પોતાની પ્રાપ્તિના માર્ગમાં તેનો ઉપયોગ કરશે.



વિઠ્ઠલભાઈને પ્રણામ. માતાજી, પિતાજી, ભાઈ, સરસ્વતી સૌને પ્રણામ. હરિસિંહ લખે છે તેપ્રમાણે તો બહુ સારું કામ કરે છે. એ પ્રમાણે ચાલુ રાખશે તો આગળ જતાં ખૂબ સારું કરી શકશે.

—ૐ

# Satkarmas at Swargarohan

**Rohit–Canada**

Jai Krupalu Maa

My name is Rohit.I live in Canada and am an active member of the Toronto Youth Yogeshwar Dhyan Kendra. In the late fall of 2008, Pujya Maa was able to grant one of our wishes and arranged for my wife Bhavna and my daughter, Dharma, to come to India and perform Satkarma (donation and offerings) to less fortunate people. Ever since our daughter was born, it has always been the wish of Bhavna and I to make a donation to less fortunate people as a way to say thank you to god for blessing us with a child. In 2008, Pujya Maa answered our prayers and arranged for us to come to India and perform this Satkarma in person. The following is a description of the various offerings we were given the opportunity to perform with the blessings of Pujya Maa.

## Satkarma at School

One of our wishes was to have Dharma, with her own hands make an offering to other children. On November 28, 2008, Bhavna, Dharma and I, along with my cousin Deepakbhai and Kalpnaben provided a towel, big steel bowl, biscuits, bundi, chocolates, and ghantia to 230 children from 3 different schools.



This was very special for us because we not only got to put a smile on the children’s faces but also we got to see a world that we don’t see everyday. More importantly, it allows us to understand the value of we have and often take for granted. Pujya Maa was very strict when she arranged for children to receive the Satkarma. Only those children of a certain age group who were registered at the school and were attending classes received Satkarma. Clearly, the word got out that we were coming and there were many more families with little children in attendance that were expecting something but the children were not registered at the school. Hemalbhai, Rajivbhai and others had a complete list of all the kids registered at the school and only they received Satkarma. Pujya Maa wanted to Impress upon the kids that there is a benefit to going to school and that all kids should go to school. It was apparent that this message was received loud and clear.

## Satkarma at Swargarohan

On November 29, 2008, early in the morning, Pujya Maa arranged for 108 adults from the villages to receive Satkarma from us and others. This Satkarma was sponsored by my parents, Prabhudas and Rukmaniben along with a number of other families as well. During this Satkarma, the 108 recipients received a 20kg bag of grains, 5kg bag of moong, a large thali,

a large blanket, a small chalso, a towel, bundi, ghantia and 50 rupees. Other families also participated and gave biscuits, chocolates, a steel glass, a steel bowl, mohanthal/ladoo, chips and chana to all the recipients. I was very impressed with the organization and process that Pujya Maa established. Earlier in the month, Pujya Maa and the devotees at Swargarohan went into the villages and with the help of local leaders, gave cards to 108 needy villagers. On the cards was the instruction to come to Swargarohan on November 29 at 10AM to receive donations. I asked how Pujya Maa decided who to give the cards to. I was told that only the most desperate people should receive this special donation. The 108 recipients arrived all during the morning and waited outside the gate at Swargarohan. I understand that it is approximately 20–25 kms from the village area to Swargarohan which represents a 4–5 hour journey (walking) for these villagers. At approximately 10AM, they were all led inside and sat in 4 lines (of approximately 25 people), under a shaded areas in front of the main prayer hall. The first row of 25 were all sitting at attention as we said the mantra ghan and started to hand out the items. As instructed by Pujya Maa, we were to place the items in front of the recipient and then do pranam to the recipient every time an offering was made “Jai Krupalu Maa” was



said everytime an item was placed in front of the recipients. All during the offering, the devotees were sitting on the side singing dhoons and bhajans. As soon as the final items were placed in front of the recipients, the devotees would assist each one to carry all of the times to the front gate where the recipients could choose to use the 50 rupees for a ride back to their homes in the village. This entire process was repeated 4 times for each line of villagers under the shaded areas. Once all the villagers received their offerings, Pujya Maa called all the people working on the new building in Swargarohan and the kitchen helpers out to also receive the same offering as everyone else. Once all the donations were completed, Pujya Maa held a satsang on the stage area outside the main prayer hall. RajuUncle, Hemaliben, and others and I spoke during the satsang about the unnavitran that just occurred and about the events at Swargarohan over the past few weeks. This was truly a very special experience that I will never forget.

## Morning Satkarma

On the morning of November 30 and December 1, we once again got the opportunity to do another Satkarma. Starting at 5.00AM, we were asked to stand outside the front gates at Swargarohan and offer prashad to the men, ladies and children that would walk by with large bundles of cut wood on their

heads. We understand that, in the village, there are many villagers whose only source of income is to cut the trees and bushes in the village and used the proceeds from selling the wood as their only source of income. On the days that they are not able to sell the wood, they would go home empty handed and pray for a better day tomorrow. As these villagers completed approximately 2–3 hours of walking, they would pass by Swargarohan. When they passed us by, we would stop them, give them a package of biscuits and 10 rupees as prashad. We could see by the elation on their faces that they were very happy and surprised. Approximately 55 villagers received prashad on November 30 while a few less on December 1 as it was raining that day. Pujya Maa only started to do this Satkarma on the day that we arrived and we understand that she will try to do this everyday throughout the year.

## Village Satkarma

I wanted to separate this Satkarma from the others as it particularly impacted me. On November 29, after the unnavitran for the 108 villagers, we were told that there were 2 villagers that could not come to Swargarohan because they were blind. As a result, Pujya Maa wanted us to go to the village to personally do the Satkarma at their home. Accordingly, myself, Deepakbhai, Hemalbhai, Rajivbhai, Tejasbhai and



others went to the village to do the Satkarma. When we arrive, we could not get the Toyots Qualis up to the house of these villagers so we had to carry all the material up the hill to greet the villagers. Once at the home, I could see the two elder ladies sitting outside of their small one room house. With them was a neighbour that looks after them during the day. Hemalbhai was explaining everything to the ladies as we were giving them all the items of the Satkarma. In addition to all the items, at the request of Pujya Maa, we also gave some additional household items like a water bucket, shawls, cooking items, etc. The ladies were very appreciative. Hemalbhai asked if I wanted to see how these ladies lived. I had a chance to go into the small one room shelter that these ladies called home. Inside was two palungs, no blankets, no place to cook or put anything, the room was very dark with no windows and everything was a mess. These ladies had almost nothing. I was particularly moved and felt sad to see that our fellow human beings are living like this and I now had a much better appreciation of the items included in the Satkarma and how it would help these people. Approximately 100 feet away from where these ladies lived was a new water tower that was installed by the Government approximately 10 years earlier. When asked, we were told that the tower was built but was never filled with water, The

ladies would get their daily water from a ground well far from their house in a lotas that were filied by the neighbour.

As we were leaving, one of the ladies said that she was very happy that we came but she was just looking forward to the next stage in her life, she was just waiting to pass on. Hemalbhai quickly encourage her to keep the faith, stay strong and use the items we have given to have some happiness and to enjoy what god has given you. I was very much moved by what I saw and felt sad inside for these two ladies.

I wanted to take this opportunity to say to Pujya Maa thank you for so many things but most importantly, allowing Bhavna, Dharma and I do these various forms of Satkarma for those less fortunate than us. Thank you for opening our eyes to worlds that we don't see in our daily life and thank you for showing us how fortunate we are. Thank you for providing some hope to these villagers and giving them some comfort in their daily lives. Sometimes, when you have nothing, hope is a very powerful feeling. I think that the Satkarma that we did for all these villagers and children over these 4 days provided some much needed hope for a better life. However, I have to say that having seen first hand what some of the struggles are for these villagers, the Satkarma that we have given will provide hope and happiness for a few days and maybe even a few weeks. Tomorrow is a new



day and we will go back to our jobs, school homes and life will be back to normal. But for these villagers and these children, life will also be back to normal and they will have to continue to struggle to survive. The Satkarma that we did does not change that. But for a few hours, days and perhaps a week or two, we did provide hope and happiness and all of this was only possible by the grace of Pujya Maa and Shree Prabhuji. Thank you for opening our eyes and our hearts.

Jai Krupalu Maa.

Ohm Yogeshwari Namah

Ohm Maa Sarveshwaria Namah.

---

ગ્રંથોનું અધ્યયન કરીને આપણે એવા ભ્રમમાં પડીએ છીએ કે આપણને આધ્યાત્મિક સહાય મળી રહી છે; પરંતુ ગ્રંથોના અધ્યયનના આપણા ઉપર પડતા પ્રભાવનું પૃથક્કરણ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે આવાં અધ્યયનોથી આપણી બુદ્ધિને લાભ થાય છે, આપણા અંતર—આત્માને નહિ. આમ, આધ્યાત્મિક વિકાસને વેગ આપવામાં ગ્રંથોનું અધ્યયન અપર્યાપ્ત છે, એટલે જ આપણામાંથી લગભગ દરેક જણ આધ્યાત્મિક વિષયો ઉપર ભલે અત્યંત અદ્ભુત 'વ્યાખ્યાન' આપી શકે, પરંતુ જ્યારે આચરણની કે સાચું આધ્યાત્મિક જીવન જીવવાની વાત આવે છે, ત્યારે આપણને ભાન થાય છે કે આ બાબતમાં આપણે ગજબ રીતે ઊણા છીએ. આત્મવિકાસને વેગ આપવો હોય તો તેની પ્રેરણા તો કોઈ બ્રહ્મનિષ્ઠ આત્મા પાસેથી જ પ્રાપ્ત કરવી જોઈએ.

**—સ્વામી વિવેકાનંદ**

# સ્વર્ગારોહણ ખાતે સત્કર્મો

લેખક : રોહિત
અનુવાદ : નારાયણ હ. જાની

મારું નામ રોહિત છે. હું કેનેડામાં રહું છું અને ટોરોન્ટો યૂથ યોગેશ્વર ધ્યાનકેન્દ્રનો સક્રિય સભ્ય છું. સને ૨૦૦૮ ના અંતમાં પૂ. મા સર્વેશ્વરીએ અમારી ઇચ્છાઓમાંની એક મંજૂર રાખી—જે હતી મારી પત્ની ભાવના અને મારી પુત્રી ધર્માના હાથે ભારત આવી અહીંના અભાવગ્રસ્ત ગરીબોને સહાય આપવાનું સત્કર્મ થાય. અમારી પુત્રીનો જન્મ થયો ત્યારથી મારી અને મારી પત્ની ભાવનાની એ ઇચ્છા હતી કે પ્રભુએ અમને પુત્રીરૂપે સંતાન આપ્યું તે બદલ પ્રભુનો આભાર ગરીબોને સહાય આપી—વ્યક્ત કરીએ. સને ૨૦૦૮ માં અમારી આ પ્રકારની પ્રાર્થના પૂ. માએ સ્વીકારી. ભારતમાં આવી જાતે જ આ સત્કર્મ કરાય તેવી વ્યવસ્થા ગોઠવી આપી. વિવિધ પ્રકારના જે સત્કર્મો થયાં તેની વિગતોનું વર્ણન નીચે પ્રમાણે છે. પૂ. માએ અમને જે તક આપી તે બદલ ખરે જ અમે તેમના આભારી છીએ.

## શાળાનું સત્કર્મ

અમારી ઇચ્છાઓમાંની એક ઇચ્છા એ હતી કે ધર્મા પોતાના હાથે જ બીજાં બાળકોને આપે. તા. ૨૮ નવેમ્બર ૨૦૦૮ ના રોજ ભાવના, ધર્મા, હું અને કલ્પનાબેને ત્રણ જુદી જુદી શાળાનાં ૨૩૦ બાળકોને મોટો સ્ટીલનો વાટકો, ટુવાલ, બિસ્કીટ, ચોકલેટ, બુંદી ને ગાંઠિયા વહેંચ્યા. આનું અમારે મન ખાસ મહત્ત્વ કારણ કે અમારે દરેક બાળકના મુખ ઉપર આનંદની રેખા અંકિત કરવી હતી એટલું જ નહિ, પરંતુ જે



ગરીબાઇવાળી દુનિયાનું દર્શન અમારા દૈનિક જીવનમાં થતું નથી, તેને નિહાળવી હતી. ખાસ મહત્ત્વની બાબત તો એ હતી કે અમોને પ્રભુએ જે આપ્યું છે તેનું મૂલ્ય અમે સમજીએ, કારણ કે એના પ્રત્યે અમારું કોઇ ખાસ ધ્યાન જતું નથી.

બાળકોને આ બધી વસ્તુઓ સત્કર્મમાં પ્રાપ્ત થાય તે અંગે પૂ. મા પહેલેથી જ ખૂબ ચોકસાઇવાળાં હતાં. શાળામાં નિયમિત રીતે ભણવા આવતાં તથા જેમનાં નામ શાળામાં નોંધાયેલ હોય તેવા ઉમ્મરલાયક બાળકોને જ આ બધી સત્કર્મની વસ્તુઓ આપવામાં આવી. અમે સત્કર્મ માટે આવવાનાં છીએ તેની અગાઉથી જાણ થતાં જ જેમનાં નામ શાળાના રજીસ્ટરમાં ન નોંધાયેલ હોય તેવાં નાનાં બાળકોને લઇને કેટલાક માબાપ હાજર થઇ ગયેલ, એ આશાએ કે તેમને પણ કંઇક મળશે. પરંતુ શ્રી હેમલભાઇ શ્રી રાજીવભાઇ અને બીજાઓ પાસે શાળાનાં નોંધાયેલ બાળકોની પૂરેપૂરી યાદી હતી. તેથી સત્કર્મની વસ્તુઓ એમને જ આપવામાં આવી. આ પ્રમાણે ચોકસાઇ દ્વારા પૂ. મા બાળકોને સૂચવવા માગતાં હતાં કે શાળાએ જવામાં આવે તો આવો ફાયદો મળે. જેથી ઉમ્મરલાયક બધાં બાળકો શાળાએ જતાં થાય. દેખીતું છે કે આ રીતે તેમને એનો સંદેશો પ્રાપ્ત થઇ ગયો.

## સ્વર્ગારોહણ ખાતે સત્કર્મ

અમારી પાસેથી સત્કર્મમાં ૨૦ કિ. બાજરી, ૫ કિ. મગ, સ્ટીલની થાળી, કામળો, ચોરસો, ટુવાલ, વધુમાં બુંદી, ગાંઠિયા તથા રૂા. ૫૦/— અંબાજીથી ૨૫—૩૦ કિ. મી.ના અંતરે આવેલ ૧૦૮ અસહાય પરિવારની મુખ્ય વ્યક્તિને તા. ૨૯—૧૧—૨૦૦૮ ના રોજ સ્વર્ગારોહણ ખાતે પૂ. માની હાજરીમાં

આપવામાં આવ્યા. બીજા દાતાઓ તરફથી પણ તેઓને બિસ્કીટ, ચોકલેટ, સ્ટીલનો પ્યાલો, મોહનથાળ, વેફર્સ, ચણા વગેરે પણ મળ્યું. પૂ. માએ જે રીતે આ વ્યવસ્થાતંત્ર ગોઠવ્યું, તેનાથી હું ઘણો પ્રભાવિત થયો.

આ માટે પૂ. માએ અગાઉ સાધકોને અંદરના ભાગમાં મોકલી સ્થાનિક લોકોની મદદથી ૧૦૮ જેટલા સહાયપાત્ર કુટુમ્બોની તારવણી કરી તેમને કાર્ડ આપી તા. ૨૯—૧૧ ના રોજ ૧૦ વાગે સ્વર્ગારોહણ અંબાજી મદદ લેવા આવવા સૂચના આપી. આ બધા જ ભાઈબેનો કહ્યા પ્રમાણે સમયસર સ્વર્ગારોહણમાં આવી ગયા. મને જાણવા મળ્યું કે તેમનું રહેઠાણ ૨૦—૨૫ કિ. મી. દૂર છે, એટલે ત્યાંથી ચાલીને આવતા ચાર પાંચ કલાક તો લાગે. લગભગ ૧૦ વાગે, તેઓને સ્વર્ગારોહણમાં પ્રવેશ આપી ૨૫ વ્યક્તિઓની એક એવી ચાર હરોળોમાં છાંયડામાં મુખ્ય પ્રાર્થના ખંડની સામે બેસાડવામાં આવ્યા.

મંત્રગાન સાથે પહેલી હરોળની ૨૫ વ્યક્તિઓને અમે દાનની વસ્તુઓ આપવા માંડી, ત્યારે તેઓ શાંતિપૂર્વક બેસી ધ્યાનપૂર્વક જોતા રહ્યા, પૂ. માની સૂચના પ્રમાણે આ લાભાર્થીઓની આગળ દરેક વસ્તુઓ મૂકતાં પ્રણામ કરવાના ને ''જય કૃપાલુ મા'' બોલવાનું. આ સમય દરમ્યાન હાજર ભાઈબેનો એકબાજુ બેસી ભજન અને ધૂન ગાતા. વિતરણ પૂરું થતાં સાધકો આ લાભાર્થીઓને મળેલ વસ્તુઓ ઊંચકી, સ્વર્ગારોહણના દરવાજા સુધી પહોંચવામાં મદદ કરતા. ત્યાંથી પોતાને ગામ સુધી વસ્તુ સાથે વાહનમાં પહોંચવામાં રૂા. ૫૦ ની મળેલ સહાયનો ઉપયોગ કરી જવું કે કેમ તે તેઓ નક્કી કરતા. આવું ચારવાર



કરવામાં આવ્યું જેમાં બધાંને આવરી લેવાયા. ગામડેથી આવેલા આ લાભાર્થીઓ રવાના થયા પછી પૂ. માએ સ્વર્ગારોહણમાં બંધાઈ રહેલ નવા મકાનના મજૂરોને તેમ જ રસોડામાં કામ કરતાં માણસોનેય બોલાવી આ બધી વસ્તુઓ આપી.

આ પ્રમાણે બધાને સત્કર્મમાં આપવાનું પૂરું થતાં પ્રાર્થના ખંડના આગળના ભાગ ઉપર પૂ. માએ સત્સંગની બેઠક પ્રયોજી. શ્રી રાજુકાકા, હેમાલીબેન, તેમ જ બીજાઓ અને મેં અન્ન વિતરણ તેમ જ સ્વર્ગારોહણ ખાતે છેલ્લા થોડા અઠવાડિયાઓમાં ઘટેલ ઘટનાઓ વિષે વાતો કરી. હું કદી ભૂલી ન શકુ તેવી આ ખાસ વિશેષ ઘટના હતી.

## સવારના સત્કર્મ

તા. ૩૦ નવે. અને ૧ લી ડીસે. ૨૦૦૮ ના રોજ અમને સત્કર્મ માટેની તકો મળી. સ્વર્ગારોહણના દરવાજે વહેલી સવારે ઊઠીને—લાકડાના ભારા માથા પર લઈને આવતી બેનો, બાળકો કે પુરુષોને પ્રસાદમાં બિસ્કીટ વગેરે આપવાનાં. અમને એ પણ જાણવા મળ્યું કે નજીકના ગામોમાં કેટલાક પરિવારોની એક માત્ર રોજીરોટી કમાવાનું સાધન—જંગલનાં લાકડાં કાપીને અંબાજીમાં વેચવાનું છે. તેના ઉપર જ તેમનો નિભાવ છે. જો લાકડાં ના વેચાય તો તેમને ઘરે ખાલી હાથે પાછા ફરવું પડે. બીજા દિવસે સારી કમાણી થાય તે માટે પ્રાર્થના કરે. ગામડાના આ ભારાવાળા વહેલી સવારે આસરે ૨—૩ કલાક ચાલીને સ્વર્ગારોહણ આગળથી પસાર થાય. ત્યારે અમે તેને ઊભા રાખી બિસ્કીટનો પ્રસાદ ને રૂા. ૧૦ આપ્યા, તે પામી તેમના મુખ પરની ખુશીની રેખાઓ સ્પષ્ટ જોઈ શકાતી. પહેલે દિવસે લગભગ ૫૫ વ્યક્તિઓ આ પ્રસાદ પામી. તો તા. ૧ લી ડીસે.

સવારમાં વરસાદ હોવાથી ભારા લઇ આવનારાઓની સંખ્યા થોડી ઓછી હતી. અમે આવ્યા તે દિવસોમાં જ પૂ. માએ આ સત્કર્મની શરૂઆત કરી છે અને જાણવા પ્રમાણે પૂ. મા તે આખું વર્ષ ચાલુ રહે તે માટે પ્રયત્ન કરશે.

## ગામડે જઇ કરેલું સત્કર્મ

બીજા સત્કર્મોથી હું આ સત્કર્મને ભિન્ન ગણવાની ઇચ્છા રાખું છું, કારણ કે એનાથી ખાસ મારા એક ઉપર એની અસર થઇ. તા. ૨૯ નવેમ્બરે, એકસો આઠ જણને અન્ન વિતરણનો કાર્યક્રમ પૂર્ણ થયો પછી અમને જણાવવામાં આવ્યું કે હજી બે વ્યક્તિઓ અંધ હોવાથી સ્વર્ગારોહણ આવી શકી નથી. તો પૂ. માએ ઇચ્છા વ્યક્ત કરી તે તેમને આ વસ્તુઓ ગામડે જઇ, તેમને ઘરે બેઠાં પહોંચાડો. એ પ્રમાણે દીપકભાઇ, હેમલભાઇ, રાજીવભાઇ, તેજસભાઇ વગેરે સાથે અમે તે ગામ નજીક પહોંચ્યા. પરંતુ અમારી ગાડી તેમના ઘર સુધી જઇ શકે તેમ ન હતી. એટલે આ બે ગ્રામજનોને આપવાની વસ્તુઓ જાતે ઊંચકી ટેકરા પરના તેના ઘરો સુધી લઇ જવી પડી. એમના ઘર પાસે પહોચતાં મેં બે મોટી ઉમ્મરની સ્ત્રીઓને તેમના ઝૂંપડાની બહાર બેઠેલી જોઇ. દિવસ દરમ્યાન તેમની સંભાળ રાખતો એક પાડોશી ત્યાં હતો. શ્રી હેમલભાઇ, અમે તેમને જે જે સત્કર્મની વસ્તુઓ આપતા ગયા, તેની સમજ આપતા ગયા. આ સત્કર્મની વસ્તુઓ ઉપરાંત પૂ. માની સૂચના પ્રમાણે તેમને બાલદી, શાલ, રાંધવાની બીજી વસ્તુઓ પણ અમે આપી, તેથી તેઓએ ખૂબ રાજી થઇને આભાર માન્યો. શ્રી હેમલભાઇએ મને પૂછ્યું આ લોકો કેવી રીતે જીવે છે, તે તમારે જોવું છે? આથી જેને લોકો ઘર ગણે તેવા નાના ઝૂંપડામાં હું ગયો. તે જોવાની મને તક



મળી. તે ઝૂંપડાના અંદરના ભાગમાં બે ખાટલા હતા. કોઇ બાલદી નહિ કે રાંધવાની કે કંઇ મૂકવાની કોઇ ખાસ જગા નહિ. ઝૂંપડામાં ખૂબ અંધારું કારણ કે કોઇ બારી નહિ. બધું વેરવિખેર પડેલું. આ સ્ત્રીઓ પાસે જાણે કશું જ દૃહિ. આપણા બાંધવોને આવી દશામાં જીવવું પડે છે, તે જોઇ મને ખૂબ દયા આવી ગઇ. હવે મને ખ્યાલ આવ્યો કે સત્કર્મમાં આ બધી વસ્તુઓ આપવાનું કેમ રાખ્યું છે. અને તે તેમને માટે કેટલી ઉપયોગી થશે. આ બેનો બેઠેલી હતી ત્યાંથી લગભગ ૧૦૦ ફૂટની દૂરી પર એક નવી પાણીની ટાંકી સરકાર તરફથી દસ વર્ષ પહેલાં બાંધવામાં આવી હતી. પૂછતાં જાણવા મળ્યું કે ટાંકી તો બાંધવામાં આવી છે, પરંતુ તેમાં કદી પાણી ભરવામાં આવ્યું નથી. આથી સ્ત્રીઓ દૂરના જમીન પરના કૂવામાંથી પાણી ખેંચી ભરે છે. આ પાણી તેમનો પાડોશી ભરી આપે છે.

અમે જ્યારે પાછા જવા નીકળ્યા, ત્યારે બેમાંની એક સ્ત્રીએ કહ્યું કે અમારી આ મુલાકાતથી તેમને ખૂબ ખુશી થઇ છે અને અમે ફરી પાછા ક્યારે આવીશું? શ્રી હેમલભાઇએ તેમને ધીરજ ને હિંમત રાખવા કહ્યું ને જણાવ્યું કે ભગવાને જે આપ્યું છે તે સુખેથી વાપરજો. આ બંને સ્ત્રીઓને જોઇ મને ખરે જ અંતરમાં ખૂબ દુ:ખ થયું.

ઘણી બધી બાબતો અંગે પૂ. માનો આભાર માનવાનું મને મન થાય છે, કિન્તુ ખાસ કરી આ અભાવગ્રસ્ત ગરીબોને સહાય પહોંચાડવાની મને, ભાવનાને અને ધર્માને જે તક મળી તે બદલ ખાસ આભાર. અમારા રોજીંદા જીવનમાં જે અમે કદી જોતા નથી તેનું દર્શન કરાવી અમારી આંખ ઉઘાડવા બદલ, તેમ જ અમે કેટલા ભાગ્યશાળી છીએ તેની પ્રતીતિ કરાવવા બદલ હે

મા, આપનો ખૂબ ખૂબ આભાર. આ ગરીબ ગ્રામજનોને થોડું કંઇ આપી તેમને તેમના રોજીંદા જીવનમાં થોડું સુખ પહોંચાડવામાં નિમિત્ત બનાવવા બદલ પણ આભાર માનું છું. કદીક જ્યારે તમારી પાસે કશું જ ના હોય, ત્યારે આશા એ મોટી શક્તિરૂપ છે. મને લાગે છે કે છેલ્લા ચાર દિવસમાં સત્કર્મો દ્વારા જે ગરીબો ને વિદ્યાર્થીઓને એમને ખૂબ જરૂરી એવી વસ્તુઓ સત્કર્મોમાં પૂરી પાડી, તેનાથી સારા ઉજળા ભવિષ્યની હૈયાધારણ તેમને પ્રાપ્ત થશે. આ ગ્રામજનોના જીવનના કેટલાક સંઘર્ષોને પ્રત્યક્ષ નિહાળી એટલું કહી શકું કે અમે આપેલી સત્કર્મની વસ્તુઓથી તેમને જીવનમાં થોડા દિવસો કે વધુમાં વધુ થોડાં અઠવાડિયાની રાહત થશે.

આવતી કાલ એ અમારે માટે નવો દિવસ છે અને અમે અમારા કામ, શાળાઓ અને ઘરોમાં પ્રવેશી જવાના તેથી જીવન પૂર્વવત્ થઇ જવાનું. કિન્તુ આ ગ્રામવાસીઓ અને વિદ્યાર્થીઓ માટે તો તેમનું જીવન પૂર્વવત્ અસ્તિત્વના ટકાવ માટેના સંઘર્ષવાળું થઇ જવાનું. આપણી આપેલ સત્કર્મની વસ્તુઓથી આપણે તેમના સંઘર્ષમય જીવનનો અંત તો લાવી શકવાના નથી કિન્તુ આપણે એટલું આશ્વાસન જરૂર લઇ શકીએ કે તેમના કપરા સંઘર્ષમય જીવનમાં થોડા કલાકો, દિવસો કે એક બે સપ્તાહો માટે આશા અને આનંદ આપનાર આપણાં સત્કર્મો બની રહ્યાં. અને આ બધું પૂ. મા અને પ્રભુની કૃપાથી જ શક્ય બની શક્યું. હે મા, અમારી દૃષ્ટિ અને હૃદયોને આ રીતે ઉઘાડવા બદલ ખૂબ ખૂબ આભાર.



# સત્કર્મોનું સપ્તક

**વિગતો : રાજુ જાની સંકલન : નારાયણ હ. જાની**

અંબાજી ખાતેના આશ્રમને પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી-એ સ્વર્ગારોહણ નામ આપ્યું તે ખરે જ યથાર્થ છે. એ ખબર નથી કે ત્યાંથી હિમાલયના પેલા સ્વર્ગારોહણની જેમ સીધું સ્વર્ગમાં (આરોહણ) ચઢી જવાનું થાય છે કે કેમ, પરંતુ એક વાત નિશ્ચિત છે કે અહીં પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં થતાં સત્કર્મો, માનવોને ઉન્નત ભૂમિકા પર અવશ્ય લઇ જાય છે. સંભવ છે કે એવા સત્કર્મ પરાયણ માનવો દેહવિલય પછી, સૂક્ષ્મ શરીરે સ્વર્ગના એ આરોહણના અધિકારી જરૂરથી બનતા હશે.

સ્વર્ગારોહણ એ જાણે સત્કર્મોનું પર્યાય બની ગયું છે. ડીસેમ્બર, ૨૦૦૮ માં યોજાયેલ સત્કર્મોના સપ્તાહ પછી પણ સત્કર્મો તો થતાં જ રહે છે. તો જાન્યુ. ૨૦૦૯ પણ એમાં અપવાદરૂપ શા માટે બને? આ માસમાં પણ સત્કર્મોનું બીજું સપ્તાહ ઉજવાયું.

## સપ્તકનો પ્રથમ દિવસ તા. ૨૦–૧–૨૦૦૯

આ સપ્તાહ શરૂ થયું તા. ૨૦ જાન્યુ. ૨૦૦૯ થી. તેમાં આર્થિક સહયોગ ધરનાર મુખ્ય પરિવાર ન્યુજર્સીના શ્રી બીપીનભાઇ પટેલ અને શ્રી ઉર્મિલાબેન. તેઓએ ભાઇ અમિતના રશ્મિકાના લગ્ન નિમિત્તે આ સત્કર્મ પ્રયોજ્યુ. તેમના તરફથી કુલ ૧૦૩ ગરીબ પરિવારોને પ્રણાલિકા પ્રમાણે અનાજ કઠોળ, કથરોટ, ચોરસો, ટુવાલ, શેત્રંજી, બુંદી ને ગાંઠીયા ઉપરાંત રૂા. ૫૦ રોકડ સહાય અને રૂા. ૫૦ દૂરથી અહીં

આવવા–જવાના ભાડાના. આ સત્કર્મમાં સહાય ધરનાર હતા જ્યોર્જિયા (અમેરિકાના) શ્રી મયુરભાઇ ને ચંદાબેન તેમના તરફથી સ્ટીલના બોગરણા, તો મોરબીના બાલમુકુન્દ શ્રોફ તરફથી બીસ્કીટ ને વેફર્સ અને શ્રી વિજયભાઇ કનેરિયા તરફથી ચીકીનાં પેકેટ અપાયાં. આટલી બધી વસ્તુઓ એક સાથે પામ્યાનો આનંદ તેમના મુખ ઉપર વરતાતો હતો.

## સપ્તકનો બીજો દિવસ તા. ૨૧–૧–૨૦૦૯

યોગેશ્વર પરિવારના જે કુટુંબોમાં લગ્ન થાય, તેના ખર્ચમાં થોડો ભાગ આ ગરીબોની હાશ માટે પણ રાખો, પૂ. માના તે સૂચન મુજબ અમદાવાદના શ્રી ગૌતમકુમાર અને શોભનાબેન ભટ્ટે પોતાની વિદેશમાં વસતી પુત્રી નીતાના લગ્ન શ્રી વિજયભાઇ સાથે થયાં તે નિમિત્તે યોજેલ સત્કર્મમાં સહભાગી થયાં કપૂરાનાં શ્રી સરોજબેન અને બચુભાઇ ભક્ત. ભાઇ અપ્પુના શ્રી રીનાબેન સાથેના લગ્ન નિમિત્તે.

શ્રી ગૌતમભાઇ ભટ્ટ તરફથી અનાજ, કથરોટ ને બુંદી પ્રસાદ અપાયો તો શ્રી બચુભાઇ તરફથી રૂમાલ, શેત્રંજી તથા રૂા. ૫૦ પ્રવાસ ખર્ચના અપાયા.

આ સત્કર્મના ત્રીજા સહભાગી છે શ્રી જીતુભાઇ ભક્ત. તેમના તરફથી લાભાર્થીઓને કઠોળ, ચોરસો ને રૂા. ૫૦ રોકડ સહાયના પ્રાપ્ત થયા.

આ સત્કર્મના લાભાર્થી પરિવારોની સંખ્યા છે ૧૦૭ની. તેઓ વતની છે ગામ ગના પિપળી અને હળાદ–જે અંબાજીથી લગભગ ૩૦ કિ. મી.ની દૂરી પર આવેલ છે. આ પરિવારોને આ ઉપરાંત તપેલી શ્રી મહાલતાબેન, વેફર, બીસ્કીટ શ્રી રવિભાઇ ને દેવીબેન તરફથી અને ચીકી શ્રી વિજયભાઇ કનેરિયા તરફથી પ્રાપ્ત થઇ.



આ સત્કર્મની વિશેષતા એ હતી કે લગ્નગ્રંથીથી જોડાયેલ પાત્રો પોતે–સત્કર્મમાં પોતાના પરિવારો સાથે જોડાઇ આ ગરીબોના મૂક આશીર્વાદ પામ્યા. પૂ. માના આશીર્વાદના પરિણામે જ તેઓમાં આ પ્રકારના સત્કર્મની ભાવના જાગી.

## સપ્તકનો ત્રીજો દિવસ તા. ૨૨ જાન્યુ. ૨૦૦૯

શ્રી ગજેન્દ્રભાઇ ને જ્યોતિબેન તેમજ સંતાનો હેમાલી ને ઉજ્જ્વલ ભલે અભ્યાસ અમેરિકામાં કરતાં હોય, પરંતુ પૂ. માનું સાંનિધ્ય અને સ્વર્ગારોહણ તેમને એટલું બધું ગમે છે કે ના પૂછો વાત. સહેજ નિમિત્ત મળતાં તેઓ તુરત પૂ. માનું સાંનિધ્ય શોધતાં ભારત આવી જાય છે.

તે પરિવાર તરફથી ૭ ગામોના ૧૧૪ પરિવારો ૨૦ કી. અનાજ, ૫ કી. કઠોળ, કથરોટ, ચોરસો, શેત્રંજી, ટુવાલ, બુંદી ગાંઠિયાનો પ્રસાદ અને રૂા. ૫૦ ની રોકડ સહાય મેળવે છે. તો અમેરિકામાં વસતી નિવેદિતા તરફથી પણ સ્ટીલનાં તાંસળાં, વેફર–બીસ્કીટ અને રૂા. ૫૦ ભાડા અંગે પ્રાપ્ત કરે છે. પનામાનાં શ્રી દેવીબેન સ્ટીલનાં ટીફીન આપે છે તો રાજકોટના શ્રી વિજયભાઇ કનેરિયા તરફથી ચીકી મળે છે.

પૂ. માના નિયમને પરિણામે સત્કર્મો કરનાર વ્યક્તિઓ જાતે હાજરી આપી પુણ્યનાં પ્રત્યક્ષ ભાગીદાર બને છે, કારણ કે લાભાર્થીઓ પૂ. માને મન ભગવાન સ્વરૂપ હોઇ, તેમને આપવામાં આવતી હરેક વસ્તુ પ્રસંગે વંદન કરી, તે અપાતી હોય છે. જીવનમાં આપણે એકાદ વ્યક્તિને વસ્તુ આપીએ તો પણ તે રાજી થઇ જાય છે, તો આટલી બધી વસ્તુઓ આ અભાવગ્રસ્તોને મળે, તો તેમની આંતરિક ખુશી એમના ચહેરા ઉપર તરી આવે છે. ઘણીવાર તેમને એમ પણ થાય છે કે પૂ. મા આટલું બધુ અમને શું કામ આપે છે! એમને તો કોઇ મત કે

પ્રશંસા જોઈતા નથી. એક વાત સાચી છે કે કોઈ સાચી આધ્યાત્મિક વ્યક્તિ જ નિઃસ્વાર્થભાવે દાન આપી શકે. બાકી તો બધે જ દાન દેવામાં પણ સોદાબીજી જ નજરે પડે છે.

## સપ્તકનો ૪થો દિવસ તા. ૨૩–૧–૦૯

પૂ. માનું વિદેશમાંનું વિચરણ કેટલું બધું સાર્થક છે તેનો ખ્યાલ ત્યારે આવે જ્યારે કેનેડાના પ્રેમલ શાહ જેવા બાળકોને જોઈએ. પ્રેમલ પૂ. માનો યુવાભક્ત છે. બાળપણથી પૂ. મા પાસે આવે છે. તેણે નિયમ રાખ્યો કે ખીસ્સામાં જે પરચુરણ ભેગું થાય તે બચતનાં ગલ્લામાં નાંખી દેવું. કલ્પી શકો છો એમ કરતા આ રકમ કેટલી ભેગી થઈ! અરે, એક લાખ રૂપિયા. તે રકમ પૂ. માને સત્કર્મ માટે આપી છે ને પોતે ઉપસ્થિત રહ્યો છે.

શ્રી રાજુભાઈ જાનીએ પ્રેમલની આ વાત પૂ. માની સ્લેટમાંથી વાંચી ઉપસ્થિત સાધકોને જણાવી તો સહુને આનંદ સાથે આશ્ચર્ય થયું.

રાબેતા મુજબ અનાજ, કઠોળ, કથરોટ, ટુવાલ તેમજ બુંદી ગાંઠિયાનો પ્રસાદ ઉપરાંત દરેકને રૂા. ૧૦૦ (રૂા. ૫૦ ભાડાના અને રૂા. ૫૦ સહાય) શ્રી પ્રેમલભાઈ તરફથી મળે છે. આજના લાભાર્થીઓ પણ ૧૧૨ છે, જે અંદરના સાત ગામોના નિવાસી છે.

બીજા સહાયકોમાં સમાવેશ થાય છે તે વડોદરાના કોકિલાબેન શાહ. તેમના તરફથી શેત્રંજી, વડોદરાના શ્રી ખુશ્બુબેન તરફથી ચારસા અને સુરતના જાગૃતિબેન તરફથી મળે છે સ્ટીલનો લોટો, બીસ્કીટ અને વેફર્સ. વધુમાં શ્રી વિજયભાઈ કનેરિયા તરફથી ચીકી તો ખરી જ.

આમાં અશક્ત વ્યક્તિઓને સાધક ભાઈ બેનો બધી વસ્તુઓ



ઉપાડી દરવાજા સુધી પહોંચાડવામાં સહાયક બને છે.

રસ્તે પસાર થતા માણસો રોજરોજ આ રીતે થતું આ વિતરણ જોઈ આશ્ચર્ય પામે છે. તેમને થાય છે કે અહીં શું કામ આ બધું અપાય છે? પૂ. માનો મહિમા કેમ સમજાય?

## સપ્તકનો પાંચમો દિવસ તા. ૨૪–૧–૦૯

અમેરિકામાં વસતાં ઓરણાવાળાં શ્રી શારદાબેન ને શ્રી સીતારામભાઈ તેમજ સેગ્વાના વતની શ્રી જસુબેન અને અરવિંદભાઈ આજના સત્કર્મના આર્થિક સહાયકો બન્યાં છે.

આજના સો ઉપરના લાભાર્થીઓ અગાઉની જેમ જ બધી વસ્તુઓ શ્રી શારદાબેન ને સીતારામભાઈ તેમજ શ્રી જસુબેન અને અરવિંદભાઈ પાસેથી પામે છે. ઉપરાંત રૂા. ૧૦૦ તો ખરા જ.

વડોદરાની શ્રી પ્રીતિબેન પણ આ લાભાર્થીઓને સ્ટીલના લોટા ને વેફર્સ, તો ભાવનગરના શ્રી ઉર્વશીબેન તરફથી સ્ટીલનાં તાંસળા ને બીસ્કીટ ઉપરાંત શ્રી વિજયભાઈની શીંગની ચીકી પ્રાપ્ત થાય છે.

રખે એમ માનતા આ બધા લાભાર્થી એકના એક તો નહિ હોય! અંબાજી આસપાસના અંદરના ભાગમાં ૬૦ જેટલા ગામો છે, જેઓમાં મોટાભાગના અભાવગ્રસ્ત આદિવાસીઓ વસે છે. તેમની જાત તપાસ સ્વર્ગારોહણના સાધકોએ પરિશ્રમ વેઠી કરી છે. એટલે યોગ્ય વ્યક્તિઓને આ સહાય પહોંચે તેની કાળજી પણ રાખે જ છે.

## સપ્તકનો છઠ્ઠો ને સાતમો દિવસ તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯

પૂ. માનો અભિગમ રહ્યો છે કે યુવાનોમાં સાહસ તો જોઈએ

જ. એટલે અમદાવાદના સત્યપથથી અંબાજીના સ્વર્ગારોહણની એક પદયાત્રા–૧૮૫ કિ. મી.ની પાંચેક વર્ષ પર પ્રયોજી. લગભગ ૨૩–૨૪ પદયાત્રીઓએ આ ૧૮૫ કિ. મી.નું અંતર ચાર દિવસમાં કાપી વિક્રમ સર્જ્યો. પૂ. માએ સ્વર્ગારોહણમાં તેઓનું ભવ્ય સ્વાગત કર્યું.

આ પદયાત્રીઓએ ભેગા મળી પોતા તરફથી એક સત્કર્મનું આયોજન કર્યું અને પરદેશી દાતાઓની જેમજ ગામડાના ગરીબોને પોતા તરફથી અનાજ, કઠોળ, કથરોટ, શેત્રંજી,ટુવાલ, બીસ્કીટ, વેફર્સને બુંદી ગાંઠિયાનો પ્રસાદ ૧૧૪ જેટલા લાભાર્થીઓને આપ્યો. સાથમાં રૂા.૫૦ પ્રવાસ ખર્ચના અને રૂા.૫૦ સહાયના પણ ખરા.

તો શ્રી ગુલાબબેન કરસનભાઇ તરફથી ચોરસા ને સ્ટીલની થાળી વાટકી ને ગ્લાસનો સેટ પણ આપવામાં આપ્યો. તો અંબાજીના શ્રી દીલીપભાઇ તરફથી બીસ્કીટ અને શ્રી વીજયભાઇ તરફથી શીંગની ચીકી પણ મળી. આ પદયાત્રીઓએ સ્વેચ્છાએ પૂ.માના સેવાભાવી સેવકોનું બીરુદ શોભાવ્યું. તો ઈશાવાસ્ય ઉપનિષદનો ઉપદેશ ત્યાગીને ભોગવવાનો પણ જીવનમાં આચરી બતાવ્યો. ખરેજ, હે પદયાત્રીઓ–તમે સાધકોના ખરેજ અભિનંદનના અધિકારી બન્યા. પૂ.માના આશીષ પણ પામ્યા.

### તા.૨૬-૧-૨૦૦૯

પદયાત્રીઓએ જે સત્કર્મ કર્યું તો સત્યપથથી સ્વર્ગારોહણની સાયકલ યાત્રા કરનાર બેનો પણ આગળ આવી પોતા તરફથી એવું જ સત્કર્મ કરી અનાથને ગરીબ બેનોને–સ્વર્ગારોહણની પ્રણાલિ પ્રમાણેજ બધી જ વસ્તુઓ આપીને લાભાર્થીઓને રૂા. ૧૦૦ પણ આપ્યા.



આ સાયકલ યાત્રીઓએ ચારેક વર્ષ પર સાયકલ પર યાત્રા કરવાનું સાહસ કર્યું તે પણ સાચે જ અદ્‌ભુત હતું.

બધી બેનોએ એ અનુભવ કર્યો કે તેઓએ નહિ, પણ પૂ. માએ જ તેમના દ્વારા આ યાત્રા કરાવેલી. નહિ તો જેમણે શહેરમાં બે પાંચ કિલોમીટર સાયકલ ચલાવી ના હોય તે હાઇવે પર ૧૮૫ કિ.મી. સાયકલ ચલાવી ના હોય તે હાઇવે પર ૧૮૫ કિ.મી. ડુંગરોના ચઢાવોમાં કેવી રીતે સાયકલ સવારી કરી શકે! એ એક પડકાર હતો. પૂ. મામાંની શ્રદ્ધાના બળે તેમણે તે ઝીલ્યો ને પાર ઉતર્યા!

કેવું ભવ્ય સ્વાગત સ્વર્ગારોહણને આંગણે તે દિવસે તેમનું થયું! જીંદગીની એક યાગાર ઘટના તેમના જીવનમાં ઘટી ગઇ. હે મા! તમારી દિવ્ય શક્તિએ જ એ યાત્રા પૂર્ણ કરાવી અમને યશભાગી બનાવ્યા!

બેનોના આ સત્કર્મમાં સહયોગી થયા શ્રી ગુલાબબેન કરસનભાઇ ચોરસો આપીને, તો પનામાવાળા ગુલાબબેને સ્ટીલના થાળી વાટકા ને પ્યાલાનો સેટ આપ્યો. બીસ્કીટ પ્રાપ્ત થયા, હાર્દિક ને રાધાબેન તરફથી, તો ચીકી શ્રી વિજયભાઇ કનેરિયા તરફથી.

આ સાત દિવસમાં આઠસો પચાસ અનાથ બેનો ને ભાઇઓ, સ્વર્ગારોહણનો જીવન પ્રસાદ પામ્યા તે કેટલી મોટી વાત! પૂ. માએ આ લોકોને યાદ કર્યા ના હોત તો તેમના જીવનમાં ક્યારેય આનંદ કે ખુશી ભલે થોડા સમય માટે પણ ક્યારેય પ્રકટત ખરી?

આ બધા જ દિવસો દરમ્યાન પૂ. મા સાધકોની વચ્ચે કલાકો સુધી ઉપસ્થિત રહ્યા ને લાભાર્થીઓને પણ દર્શન ધરી તૃપ્ત કરી દીધા. હે મા! તમારી એ કરૂણાસભર અમીદૃષ્ટિ અમારા જીવનમાં સદા બની રહો એ જ પ્રાર્થના.

# નિત્ય નોંધ

**મા સર્વેશ્વરી**

તા. ૨૪–૧૧–૦૭, મુંબઇ

હવે જાણે માને ઢંઢોળીને દોડતાં કરવાની યોજના લાગે છે. એલારામ જગાડે કે વ્યક્તિ જગાડે પણ પાસુ બદલીને ફરી સૂઇ જવાનું સૌને માટે સ્વાભાવિક છે. પણ અહીં હવે ઢંઢોળીને, જગાડીને હવે સતત દોડવાનું છે, તે સતત યાદ કરાવે છે.

અને એટલે જ આજે પણ ૩૩૪ માળા થઇ ગઇ છે.

મંત્રજપ માટે અહીં સંપૂર્ણ અનુકૂળતા છે. છતાં મન ફરી પાછું એકાંત માટે તૈયાર થયું છે. પ્રકાશભાઇ, રાજીવ, દીપેશ ત્રણે માત્ર અઢી દિવસમાં ઘણાં બધાં સ્થળો જોઇ આવ્યા અને એક સ્થળ પસંદ કર્યું છે.

એટલે ચર્ચા બાદ મહાબળેશ્વર જવું એવું લગભગ નક્કી થઇ ગયું છે.

સ્થળ ગમે તે હોય, હે હરિ, તારું જ નામ જપાવજે. સાધના માટેની જાગૃતિ નિત્ય રાખજે. વિસ્તારથી વિરામ તરફ જ નિત્ય પગલાં ભરાવજે.

હવે જે જે પ્રિય ભક્ત બાળકો છે તે તે સૌ ઉપરથી પણ મનને વાળીને માત્ર તારા સ્મરણે જોડી દેજે. પ્રતીક્ષા તારી જ કરાવજે. ચિંતા પણ તારી જ કરાવજે.

આજકાલ દરરોજ જ સામેના ખેતરોમાં કચરો બાળવા અગ્નિ પ્રકટે છે. અગ્નિ અને તેના ધુમાડા પણ માને સતત જગાડ્યા કરે છે. સ્મશાનની ચિંતા જ જાણે સામે ઊભી છે. આ



ક્ષણભંગુર દેહ જાણે અગ્નિમાં લપેટાઇ જશે માટે જાગ, જાગ અને જાગ. સૌને પવિત્ર પ્રેમનો પ્રસાદ ધરી દે. જતાં જતાં જીતી લે. પૂરો પડદો પડે તે પહેલાં પ્રેમ કરી લે.

અહીં શાંતિ છે, કોઇ ચિંતા નથી, કોઇની ચિંતા પણ નથી. હજાર હાથવાળો જાણે ગઇકાલથી કાનમાં કહી ગયો છે અને એ કાનની ગૂસપૂસ માને યાદ રહી ગઇ છે. એટલે જ જાણે આજકાલ મૌનનું સામ્રાજ્ય ફોન ઉપર પણ શરૂ થયું છે. જરૂરી હોય તો જ અને તેટલી જ વાત થાય છે.

આજે પણ નીલાબેનને લગભગ ત્રણ ક્લાક સતત લખીને મા સમજાવે છે. જાણે આ ઘરમાં શ્રી હરિ એટલે જ ઉતારે છે.

શું સમજાવે છે? ઘણું બધું. મોટા પુત્ર તરીકેની ઉત્તમ ફરજ, ઉદારતા, મીઠી વાણી, સમજણ ક્ષેત્રે પ્રેમથી જરા ટકોર કરીને આખી પરિસ્થિતિ પલટાવવાના પ્રયત્નો મા દ્વારા શ્રી કરી રહ્યા છે.

આજે પણ ત્રણ સૂત્ર નીલાબેનને ત્રણ ક્લાકમાં મા ધરી શક્યાં છે. એ સૂત્રો સમજપૂર્વક નીલાબેનને વધાવ્યાં છે. તેનો માને આનંદ છે, સંતોષ છે. જાણે શ્રી હરિનાં કાર્યો કર્યાની એક હાશ મળી છે.

(૧) હસતાં રહીને સૌને આવકારો.

(૨) જય કૃપાળુ મા બોલી હાથ જોડો.

(૩) ચાલો, બાપૂજી પાસે.

શ્રી નીલાબેનને માની આજની વાતમાં પણ શ્રદ્ધા બેઠી છે. એટલે તરત જ વિના વિલંબે તેને વર્તનમાં ઉતારવાના પ્રયત્નો પ્રારંભ કર્યો છે.

આઠ વાગ્યે શ્રી જ્યોતિબેન આવ્યાં છે. ડોરબેલ વગાડ્યો છે. નીલાબેન જ જાતે ખોલવા ગયાં. ખુલતાં જ હસ્યાં. હાથ જોડ્યા ને બાપૂજી પાસે લઇ ગયાં.

અને એ સૂત્ર સર્વોત્તમ પરિણામ લાવ્યું. જ્યોતિબેન જાણે નીલાબેન ઉપર વારી ગયાં. પ્રેમ છે ત્યાં પછી ક્યાં કોઇ ભેદ રેખા નડે છે?

જાતે જ બદલાઇ જવાના કેટલા બધા ફાયદા છે! એ નીલાબેન છેલ્લા ત્રણ દિવસથી પોતે જ અનુભવી રહ્યાં છે. અને તેમને પોતાને જ હાશ મળી રહી છે.

પ્રેમ આપો તો પ્રેમ, ધિક્કાર ધરો તો ધિક્કાર મળે. વાવે તે જ ઉગે. જેટલા જોરથી દડો ભીંત તરફ ફેંકો એટલા જ જોરથી તે પાછો આવે, પાછો મળે.

હસતા મળો તો સામેથી હાસ્ય મળે. હાથ જોડો તો સામેથી પણ હાથ જોડાશે. પ્રેમથી બોલશો તો તે પાછળ પાછળ આવશે.

ત્રણ ક્લાકનો માનો પરિશ્રમ પરિણામ લઇને જ ઠર્યો. હાશ, અહીં કંઇક કરી શક્યાનો અંતરે આનંદ છે.

આજે જે જે આવ્યા પ્રિય કે અપ્રિય, જાણીતા કે અજાણ્યા, સૌ ઉપર નીલાબેને આ પ્રયોગ કરીને જાણે આવનાર સૌને જીતી લીધા. તો સૌને હળવાશ.

હવે, આ સ્થળમાં આટલું બસ. અને એટલે જ મહાબળેશ્વર જેવા સ્થળે શિયાળાના પ્રારંભે જાણે શીતળતાની સફર શરૂ થશે. સંસારના તાપ—સંતાપના શ્રવણને દશ્યોથી જાણે માને હવે શ્રી હરિ શીતળ છાંયડી ધરવાના હોય એવું લાગે છે. તો મા જશે. જ્યાં હરિ ત્યાં મા. મા ને ક્યાં એકલા કદી જવાનું



છે? સાથે જ તો સતત વસે છે. એટલે એ જ્યાં જશે, જ્યાં જ્યાં પગલાં પાડશે ત્યાં ત્યાં મા પણ પાછળ ને પાછળ. પાછળ પાછળ પ્રભુના પ્રતિબિંબમાં પગલાં પડતાં પડતાં સર્વ તાપ શમી જશે.

હે હરિ, તારી દરેક યોજના મંગલમય હોય છે. ભલે એ સત્ય પાછળથી સમજાય. હે હરિ, અમારા સર્વ અપરાધોને ક્ષમા કરી, દર્શનનું સુખ ધરી દે. હે મારા નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

પ્રશ્નઃ- શું કામવાસનાને જીતી શકાય ખરી? લગ્નજીવનના દસ વર્ષના અનુભવ પછી પણ પ્રયત્ન કરવા છતાં કામ વાસનામાંથી મુક્તિ મેળવવાનું કામ કપરૂં લાગે છે. એથી આપનું માર્ગ દર્શન માગું છું.

ઉત્તરઃ- આ તમારી વ્યક્તિગત સમસ્યા છે, પણ ખરેખર તો તે ઘણાએ સાધકોના જીવનની સમસ્યા છે. એને તમે વાચા આપી છે, આધ્યાત્મિક વિકાસમાં જેમને રસ છે, તેમણે કામુક્તામાંથી છુટવું જરૂરી છે. તેના વિનાનો સાધનાત્મક અભ્યાસ પથ્થર ઉપર પાણી જેવો થવાનો સંભવ છે. તમે તે માટે પ્રયત્ન કરો છો અને એ પ્રયત્નની નિષ્ફળતાનું દુઃખ અનુભવો છો, એ એક અત્યંત આવકારદાયક વસ્તુ છે. એ લક્ષણના પ્રતાપથી જો આજ પ્રમાણે પ્રયત્ન કરતા રહેશો તો તમારી ઈચ્છિત અવસ્થાની પ્રાપ્તિ તમે જરૂર કરી લેશો.

આ સંસારમાં કશું જ અશક્ય નથી, એ હંમેશા યાદ રાખો, અશક્ય જેવી લાગતી વસ્તુઓ પણ માણસે પોતાના અનવરત પુરુષાર્થ અદભ્ય ઉત્સાહ અને મનોબળથી તેમજ સમર્પણ ભાવથી શક્ય કે સિદ્ધ કરી છે. એટલે કામ વાસનાને જીતી શકાય કે કેમ એવી શંકાજ ના રાખો. તેને જરૂર જીતી શકાય છે. આજ લગી કેટલાય પુરુષસિંહો એને જીતી શક્યા છે, તેમ તમે પણ જીતી શકશો, એવો આત્મવિશ્વાસ રાખો.

પ્રશ્નઃ- મનુષ્યમાં કામવાસનાને સ્વાભાવિક કે કુદરતી તરીકે લેખવામાં આવે છે એ શું સાચું છે?

ઉત્તરઃ- આમાં સ્વાભાવિક કે કુદરતીનો અર્થ તમે કેવો કરો



છો? જો એનો અર્થ તમે મૂળભૂત સ્વભાવ સાથે સંકળાયેલો કે જડાયેલો અથવા તો સ્વભાવ હોય ત્યાં સુધી રહેનારો એવો કરતા હો, તો એ અર્થમાં કામવાસનાને હું સ્વાભાવિક નથી કહેતો. માનવને માટે જે સ્વાભાવિક છે તે તો પ્રેમ છે, કામ નથી. પ્રેમ જ એની પ્રકૃતિ છે, ને કામ તો વિકૃતિ છે. બંનેની તમે એક ના સમજી લેતા. પ્રેમ કાયમી છે, પરંતુ કામનો આવેગ કામ ચલાઉ છે. પ્રેમ મંગળ હોવાથી પરમાત્માને પણ પ્રેમ સ્વરૂપ કહેવામાં આવે છે, કામ સ્વરૂપ કહેવામાં આવતા નથી. એટલે કામવાસનાને સ્વાભાવિક માનવાની ભૂલ ન કરતા.

પ્રશ્નઃ- તો કામવાસનામાંથી મુક્તિ મેળવવાના કોઇ ઉપાય ખરા?

ઉત્તરઃ- જરૂર એના ઉપાય છે જ.

સૌ પ્રથમ સત્સંગ અથવા તો સારા કે પવિત્ર પુરુષોનો સમાગમ. સારાં પુસ્તકોનું વાંચન, મનન તેમજ વિષયોમાં દોષ દર્શન. એ બધા ઉપરાંત મુખ્યત્વે ઈશ્વરની ઉત્કટ પ્રાર્થનાનો આધાર લેવો જોઇએ. પ્રાર્થનામાં દૈવી શક્તિ રહેલી છે. તે દ્વારા ઈશ્વરની મદદ માંગો, તો તે તમારા માર્ગને જરૂર સરળ બનાવશે. તમારી નબળાઈઓને દૂર કરવાની શક્તિ પણ પૂરી પાડશે.

આ ઉપરાંત સ્ત્રી માત્ર તરફ માતાની કે બેનની દ્રષ્ટિથી જોવાની ટેવ પ્રારંભમાં જરૂરથી મદદરૂપ થાય પરંતુ પાછળથી પવિત્રતાનું પ્રાક્ટય થતા એવી ટેવ નહિ પાડવી પડે. એવી દ્રષ્ટિ અથવા તો એવું નિર્મળ દર્શન તમારે માટે સહજ બનશે પછી સ્ત્રી કે પુરુષ સૌને તમે આત્મભાવે જોતા થઇ જશો. પરમાત્માના પ્રતીક જેમ અનુભવતા થઇ જશો. કામની સમસ્યા પછીથી તમારા જીવનમાં નહિ રહે, માત્ર પવિત્ર પ્રેમ જ રહેશે.

# નેપાલીબાબા

(ગતાંકથી આગળ) ભાણદેવજી

નેપાલીબાબા જે વિસ્તારમાં રહે છે, તે વિસ્તાર દીપડાઓનું ઘર છે. ભાગ્યે જ કોઈ એવો દિવસ હશે કે જ્યારે નેપાલીબાબાને એકાદ દીપડાનાં દર્શન ન થયા હોય! નેપાલીબાબા દીપડાને ‘દીપડો’ કહીને બોલાવતા નથી, પરંતુ તેને ‘દીપદેવ’ કહે છે. ક્યારેક તેઓના મુખમાંથી શબ્દો નીકળે છે, “અરે! આ દીપડાઓ નથી, આ સિદ્ધ પુરુષો છે. સિદ્ધો જ દીપડાઓનું સ્વરૂપ ધારણ કરીને અહીં સિદ્ધ ભૂમિ ગિરનારમાં રહેવા આવ્યા છે.” તેઓ દીપડાઓ પ્રત્યે સદ્‌ભાવ, આદરભાવ અને પૂજ્ય ભાવ રાખે છે. આવા ઓલિયા માનવીને દીપડાઓ શુ કરે? ઘણીવાર એવા પ્રસંગો બને છે કે નેપાલીબાબા પોતાના રસ્તે ચાલ્યા જતા હોય અને સામે ઝાડની ડાળી પર દીપડો બેઠો હોય. આ પ્રસંગે નેપાલીબાબા પાછા વળી જતા નથી. દીપડાઓ તેમને દીપડાઓ લાગે તો બીક લાગે ને! તેમને તો દીપડાઓ સિદ્ધપુરુષો જ લાગે છે. ઝાડની ડાળી પર દીપડો આરામથી બેઠો હોય છે. અને તે ડાળીની નીચેથી તેમનો રસ્તો પસાર થતો હોય તે વખતે પણ નેપાલીબાબા આ દીપદેવને ઉદેશીને બોલે છે,

“અરે! દીપદેવ મહારાજ! તમે ઊંચા આસન પર બેસો. અમે નીચેથી પસાર થઈ જઈએ છીએ” આટલું કહીને પોતાના દીપદેવને પ્રણામ કરીને તેઓ પસાર થઈ જાય છે. દીપડાઓના આ ઘરમાં નેપાલીબાબા તો સિંહ સમાન છે. જેમના ચિત્ત સહજ સ્વભાવિક અભય ન હોય તેવો કોઈ પુરુષ અહીં આ દીપડાઓના રાજ્યમાં રહી ન શકે. ભયના પ્રત્યાઘાતરૂપે



કેળવેલી નિર્ભયતા તે સાચો અભય નથી. શૂરવીરતાનો બહુ દેખાવ કરનાર માનવી અંદરથી ભયભીત હોઈ શકે છે. કારણકે તેમની નિર્ભયતા તેમના ભયને ઢાંકવા માટે કેળવેલી નિર્ભયતા છે. ભય અને નિર્ભયતા બંનેને અતિક્રમીને જે અવસ્થા રહેલી છે, તે અભય છે. આવા અભયમાં પોતે નિર્ભય છે, તેવી સભાનતા હોતી નથી. સાચા અભયમાં ભય અને નિર્ભયતા માટેનો કોઈ પ્રયત્ન પણ હોતો નથી. નેપાલીબાબા આવા સહજ સ્વભાવિક અભયમાં જીવે છે. તેથી જ તેમને દીપડાઓથી પોતાની જાતને બચાવવા માટે કોઈ હથિયારની જરૂર પડતી નથી. નેપાલીબાબા લાકડી પણ રાખતા નથી.

નેપાલીબાબાની આ ગુફા ગિરનાર પર્વતમાં જ છે. આ ગુફા તરફ જવાનો રસ્તો ભલે નીચેથી, બોરદેવી તરફ જવાના માર્ગેથી જાય છે, પરંતુ ગુફા સુધી પહોંચવાનો એક માર્ગ કમંડલુકુંડથી પણ જાય છે. ગુફાનું ખરેખર સ્થાન અધવચ્ચે છે. સીધું અંતર ગણીએ તો ગુફા અને દત્તશિખર વચ્ચે બહુ અંતર નથી. એ રીતે આ ગુફા ગિરનાર પર્વતનો જ એક ભાગ છે. આ ગુફામાં વસનાર સાધુ દત્ત મહારાજની નિશ્રામાંજ વસે છે.

ગિરનાર સિદ્ધોની ભૂમિ છે, અને હજારો વર્ષથી ગિરનાર સાધકોની પ્રિય સાધનસ્થલી રહી છે. ભગવાન શ્રીકૃષ્ણ ગિરનાર પર્વત પર અનેક વાર આવ્યા હશે. તળેટીના ઘોંઘાટમાં કે હજારો યાત્રીઓ સાથે ગિરનારનું આરોહણ કરીએ તે સમયે ગિરનાર આધ્યાત્મિક વાતાવરણને અનુભવી શકાય નહિ. ગિરનારના કોઈક એકાંત સ્થાનમાં થોડા દિવસ રહીએ ત્યારે ગિરનાર શું છે તે અનુભવીને સમજી શકાય છે. ઘોરમુખાની ગુફામાં જે પ્રગાઢ એકાંત છે, તેવું એકાંત ગિરનારમાં પણ બહુ

ઓછા સ્થાનમાં હશે. આવા પરમ પવિત્ર, શાંત અને રમણીય સ્થાનમાં આપણા આ નેપાલીબાબા આસન જમાવીને બેઠા છે. તેમની સાધનપરાયણતા, તિતિક્ષા, અભય અને તપશ્ચર્યા વંદનને પાત્ર છે.

અમારી વચ્ચે સાંજ સુધી અધ્યાત્મ, સાધુ સમાજ, ભારત-યાત્રા વગેરે વિશે સત્સંગ ચાલ્યો. અરણ્યમાં વસતા આવા તપસ્વી સાધુઓ સાથે સત્સંગની મોજ તો જેઓ જાણે તેઓ માણે, અને માણે તેઓ જાણે! સૂર્યાસ્ત તો હજુ નહીં થયો હોય પણ ભગવાન સવિતા નારાયણ ગિરનારની ઓથે ચાલ્યા ગયા છે. એટલે અહીયાં સૂર્યાસ્ત જેવું વાતાવરણ થઇ ગયું છે. બાબાની ગુફા એટલી નાની છે કે અહીં ત્રણ જણનો સમાવેશ થઇ શકે તેમ નથી. શું કરવું? આખરે પારસગિરિજીએ સૂચવ્યું કે અમારે ત્રણેએ અત્યારે નીચે તેમની કુટિયા પર જવું અને રાત્રિનિવાસ ત્યાં જ કરવો. રાત્રિનું ભોજન પણ ત્યાં જ થશે, અને રાત્રે સત્સંગ પણ થશે. અમે ત્રણે નીકળ્યા. અંધારું થવા આવ્યું છે, પરંતુ નેપાલીબાબાના માર્ગદર્શન પ્રમાણે ઝડપથી ચાલ્યા. રસ્તામાં એક મોટું વૃક્ષ આવ્યું. અમારે આ ઝાડની એક મોટીડાળીની નીચેથી પસાર થવાનું હતું. આ ઝાડની તે મોટી ડાળી બતાવીને નેપાલીબાબાએ એમને કહ્યું,

‘‘આ ડાળી દીપદેવને બેસવાનું પ્રિય સ્થાન છે. અહીં તેઓ અવારનવાર દર્શન આપે છે.’’

દીપડો સામે મળે ત્યારે તે ઘટનાને દીપદેવનાં દર્શન થયાં, એમ ગણનાર આ ઓલિયા સાધુને દીપડો પણ શું કરે?

અમે પારસગિરિ મહારાજની કુટિયા પર પહોંચ્યા. પારસગિરિ મહારાજ રસોઈ બનાવવામાં ગૂંથાયા, અમે સ્નાન



કરીને સાયંસંધ્યાવિધિ પૂરી કરી. ભોજન કરીને કુટિયાની બહાર ચાંદનીમાં બેઠા. નિરભ્ર આકાશ છે. ચારેબાજુ અરણ્ય છે, પ્રગાઢ શાંતિ છે અને અમારો સત્સંગ ચાલ્યો. સત્સંગ તો લગભગ આખી રાત ચાલ્યો. ગિરનારની સાવ ગોદમાં અમે બેઠા છીએ. ગિરનારીબાબાના સાનિધ્યમાં બીજું હોય પણ શું? આ સત્સંગનો થોડો અંશ અહીં પ્રસ્તુત છે. મેં દેપાલીબાબાને પૂછેલા પ્રશ્નો અને તેમણે આપેલાં ઉત્તરો છે.

૧. પ્રશ્ન — સાધનાનું સર્વોચ્ચ સ્વરૂપ ક્યું છે?

ઉત્તર — મને તો ભગવન્નામજપ સર્વોચ્ચ સાધન લાગે છે. બીજા સાધનો ખોટાં કે મૂલ્યહીન છે, તેમ નથી. પરંતુ મને જપસાધન સૌથી વધુ અનુકૂળ લાગે છે. નામજાપ સર્વજન સુલભ અને સર્વદા ઉપલબ્ધ સાધન છે.

૨. પ્રશ્ન — ભગવન્નામજપ સ્વયંપર્યાત્પ સાધન છે કે તેની સાથે અન્ય સાધનોનો સહયોગ આવશ્યક છે?

ઉત્તર — બીજાં સાધનો લેવામાં આવે તો કશું ખોટું નથી, પરંતુ નામજાપ એક પણ સ્વયંપર્યાપ્ત છે. નામજાપ કરનાર પાસે અન્ય આવશ્યક સાધનો આપોઆપ આવે છે. તેમ નામજાપની દોરી હાથમાં આવી જાય તો બીજાં સાધનો આપોઆપ ખેંચાઇ આવે છે.

૩. પ્રશ્ન — નામજાપ યંત્રવત્ કરીએ તો પણ તે સ્વયંપર્યાત્પ છે?

ઉત્તર — જેમણે નામજાપ કર્યું નથી, અને જેઓ નામજાપ કરવા ઇચ્છતા નથી, તેમણે ઊભી કરેલી આ ભ્રામક દલીલો છે. સાધક પોતાના ઈષ્ટદેવના નામનો જપ કરે એટલે ઈષ્ટદેવના શ્રીવિગ્રહની આકૃતિ તેના ચિત્તમાં ઊભી થાય જ છે. આજ

રૂપચિંતન છે. ઈષ્ટદેવની લીલાઓ ચિત્તમાં ઉપસ્થિત થાય જ છે. આજ લીલા ચિંતન છે. ઈષ્ટદેવના ગુણ ચિત્તમાં ઉપસ્થિત થાય જ. આ જ ગુણચિંતન છે. ભગવાનના નામનો જપ કરીએ એટલે ભગવાનના ગુણનું ચિંતન, લીલાનું ચિંતન આદિ ભગવદ્ ચિંતન થાય જ છે. નામજપમાંથી ભગવદ્‌ચિંતન વિકસે છે, અને ભગવદ્ ચિંતનની ધારા પ્રગાઢ બનતાં ભગવાન સાથે સાધકની તદાકરતા સિદ્ધ થાય છે. ધ્યાન, સમાધિ — આ બધું તેમાંથી આપોઆપ સિદ્ધ થાય છે. અરે! જેનું નામ લઈએ છીએ તે જ આપણને હવે શું કરવું તે બતાવે છે. આપણે અજ્ઞાની છીએ તે તો અજ્ઞાની નથી ને! નામજપ તો ચાવી છે, તેનાથી અધ્યાત્માનો ખજાનો ખૂલશે.

નામજપ વિશે ચર્ચા કરીને તેના મહિમાને ન સમજી શકાય, નામજપ કરવાથી જ તેના મહિમાને સમજી શકાય છે.

૪.પ્રશ્ન — અધ્યાત્મપથ પર ચાલીએ એટલે માર્ગમાં અનેક વિઘ્નો પણ આવતાં હોય છે? આ વિઘ્નોનો ઉપાય શું છે?

ઉત્તર — અરે! અધ્યાત્મ પથ પર આપણે એકલા નથી. જેનું નામ લઈએ છીએ તે પણ દરેક ડગલે સાથે જ છે. ભગવાન અધ્યાત્મપથનાં અંતમાં જ છે. તેવું નથી, તે પ્રારંભથી અંત સુધી સતત સાથે છે આપણે માત્ર આપણા જોર પર અધ્યાત્મપથ પર ચાલવાનું નથી. તેના જોર પર, તેની કૃપાને આધારે ચાલવાનું છે. જે વિઘ્નો આવે છે, તે તો આપણને સહાય કરવા તે જ મોકલે છે, અને વિઘ્નોનું કાર્ય પૂરું થાય એટલે વિઘ્નોને દૂર પણ તે જ કરી દે છે.

૫. પ્રશ્ન — ગિરનાર સિદ્ધોની ભૂમિ છે, તેમ કેહવાય છે. આપ ગિરનારમાં લગભગ ચાલીશ વર્ષથી સાધના કરો છો.



આપનો આવો કોઈ અનુભવ છે?

ગિરનાર તો સિદ્ધોનું સરોવર છે. અમે તો નિત્ય તેમાં સ્નાન કરીએ છીએ, અરે! તેમાંજ રહીએ છીએ. આ સિદ્ધોની કૃપાદૃષ્ટિ નીચે જ અમારું જીવન અને અમારી સાધના ચાલે છે. માછલીને પાણીનો અનુભવ પૂછો તો તે જવાબ આપે!

જુઓ આ સામે દેખાય છે ને? તેનુ નામ સિદ્ધ શિખર છે. આ સિદ્ધોનું મિલન સ્થાન છે. ગિરનારમાં રહેતા સાચા સાધકોની અને તેમની સાધાનાની સંભાળ ગિરનારના સિદ્ધો રાખે છે.

૬. પ્રશ્ન — ગિરનારી સિદ્ધો એટલે કોણ?

ગુરુ દત્તાત્રેય સિદ્ધ પરંપરાના આદ્ય પ્રવર્તક અને સિદ્ધોના પણ ઉપાસ્ય છે. મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ આદિ નાથયોગી પણ સિદ્ધો જ છે. જુઓ આ સામે જ બેઠા તે દાતાર બાપુ પણ સિદ્ધ છે. દત્ત અને દાતારની જુગલજોડી છે. આ ઉપરાંત દીપડિયા બાબા, ભૂરીમા, તાપડિયાબાબા આદિ ઉચ્ચ સાધકોએ આ ગિરનાર ભૂમિમાં સાધના કરી છે.

૭. પ્રશ્ન — ગિરનારમાં આવ્યા પછી આપ આપના ગુરુ મહારાજ અને ગુરભાઈઓને મળવા માટે ક્યારેય ગયા છો?

હળવામળવાનું સાંસારિક સંબંધોમાં શોભે, ગુરુ અને ગુરુભાઈઓ સાથેના સંબંધો સાંસારિક સંબંધો નથી. અમારા સંબંધો લાગણી પર પ્રતિષ્ઠિત નથી. અમે તો બાજુમાં જ રહેતા હોઈએ તો પણ મહિનાઓ સુધી મળીએ નહિ, તેમ બને. ગુરુ મહારાજનું શરીર તો શાંત થઈ ગયું, પરંતુ ગુરુભાઈઓ સાથે કોઈવાર કુંભમેળામાં મળવાનું બને છે.

૮. પ્રશ્ન — ગિરનાર સાથે આપના સંબંધનું સ્વરૂપ શું છે.

ઉત્તર — અરે! ગિરનારની આ ભૂમિ તો અમારી

આધ્યાત્મિક માતા છે. અધ્યાત્મપથ પર જે પગલાં મંડાયા તે અહીં આ સિદ્ધ ભૂમિમાં મંડાયા છે. ગિરનાર સાથે મારું જીવન એક રસ બની ગયું છે. અમારે મન ગિરનાર કોઈ પર્વત નથી. એ તો અમારે મન જીવતો જાગતો સિદ્ધ પુરુષ છે. અમે ગિરનાર ખોળામાં સલામત છીએ. હિમાલયમમાં વસતા કેટલાક સાધુઓ કોઈવાર હિમાલય આવી જવાનું કહે છે. પરંતુ આ ગિરનાર જ અમારો હિમાલય છે.

૯. પ્રશ્ન — આપ ગિરનારમાં કોઈ એક જ સ્થાન પર રહેવાને બદલે બે ત્રણ સ્થાનોમાં રહ્યા છો. એમ કરવું કેમ જરૂરી બન્યું?

ઉત્તર — કોઈ એક સ્થાને માણસોની અવરજવર બહુ વધી જાય એટલે હું વધુ દુર્ગમ સ્થાનમાં ચાલ્યો જઉં છું. ક્યારેક માના ખોળાની ડાબી બાજુ બેસીએ કે ક્યારેક માના ખોળાની જમણી બાજુ બેસીએ. બંને એક જ વાત છે.

૧૦. પ્રશ્ન — ગિરનારના દૈવતને કેવી રીતે જાગ્રત હોય છે. દિવસે માણસોની અવરજવર, ધાંધલધમાલમાં સ્થાનનું દૈવત અનુભવી શકાય નહિ. રાત્રે, જ્યારે બધા ચાલ્યા જાય કે સૂઈ જાય ત્યારે એકાંત સ્થાન શોધીને ભજન કરવા બેસવું જોઈએ. તે વખતે સ્થાનનું દૈવત અનુભવી શકાય છે. બહારના આવરણને ભેદીને અંદર પ્રવેશીએ ત્યારે ગિરનારનું દૈવત અનુભવી શકાય છે. ગિરનાર એટલે આ સ્થૂળ પર્વત જ નહિ. પર્વત તો ગિરનારનો બાહ્ય દેહ છે. તેને ભેદીને અંદર પહોંચીએ ત્યારે સમજાય છે કે ગિરનાર તો એક દેવતા છે. તે દેવતાનો સંપર્ક થાય તો ગિરનારનું દૈવત અનુભવી શકાય છે. ગિરનારી મહારાજની કૃપા થાય તો ગિરનારનું દૈવત અનુભવી શકાય છે.



આમ મોડી રાત સુધી અમારો સત્સંગ ચાલ્યો. આખરે આ ગિરનારી આકાશમાં સિદ્ધો વિહરતા હશે, દત્તશિખર પર સિદ્ધ મંડળની મહત્ત્વની બેઠક મળી હશે - તેવી મધુર કલ્પના કરતાં કરતાં અમે સૂઈ ગયા.

ઇહલોકની તમારી આ યાત્રા કેવળ સ્થૂળ, ભૌતિક બાબતોમાં રાચીને મૃત્યુધર્મને પામવા માટે નથી. પ્રત્યેક જીવાત્મા તેના પોતાના શાશ્વત સ્વરૂપને પામવાના— આત્મસાક્ષાત્કાર પામવાના દિવ્ય પ્રારબ્ધ સાથે જ જન્મે છે. તમારું જીવન ઉચ્ચ મૂલ્યો માટે છે, એ શાશ્વત સંદેશને હંમેશ યાદ રાખો. —કઠોપનિષદ્

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧